# પરમપિતાનો
# વત્સલ વાર્તાલાપ

**Associazione**
**"Dio è Padre - Casa Pater"**
**c.p. 135 L'Aquila 67100 ITALIA**

**વેચાણ માટે નહીં.**

**Imprimatur** : † **Petrus Canisius van Lierde,**
**Vic. Generalis**
**e Vic. Civitatis Vaticanae,**
**Rome die 13 Martii 1989.**

**Imprimatur** : † **Stanislaus Fernandes, S.J.**
***Bishop of Ahmedabad***
*Ahmedabad*
January 19, 2002

અનુવાદક : જયંત જે. ડાભી
માર્ગદર્શક : ફા. જેમ્સ ડાભી, એસ.જે.
પ્રોત્સાહક અને તપાસનીશ : ફા. વિનાયક જાદવ એસ.જે.
(અમદાવાદ ધર્મપ્રાંતના અધિકૃત અનુવાદક)

**અનુક્રમણિકા**

**પ્રસ્તાવના** .................... (૩)
**મધર યુજીનિયા એલિસાબેતા રવાસિયો** .................... ૦૧
**ધર્માધ્યક્ષ કેલ્લોટની સાક્ષી** .................... ૧૦
**પાવનચિત્ર** .................... ૦૦

## પરમપિતાનો વત્સલ વાર્તાલાપ.

**© Associazione**
**"Dio è Padre - Casa Pater"**
**c.p. 135 L'Aquila 67100 ITALIA**

માગણી કરવાથી વિના મૂલ્યે નકલ મેળવનાર :
પ્રિન્ટિંગ અને પોસ્ટખર્ચ/ભવિષ્યના પ્રિન્ટિંગને પહોંચી વળવા દાનાર્પણ દ્વારા સહાય માટે નીચેના ઉપર ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલું છું :

**Address** : **Little Souls Apostolate**
**Carmelite Seminary, Mapusa, Goa 403 507**
**India.**



# પ્રસ્તાવના

"ઈશ્વર મારા પિતા છે !" એવો પુકાર આજની દુનિયામાં પહેલાં કરતાં પણ વધુ બુલંદકંઠે સંભળાઈ રહ્યો છે. લોકોને ખાતરી થતી જાય છે કે, સાચે જ ઈશ્વર આપણા પિતા છે.

આને પરિણામે, ઈશ્વર પિતાને ઉત્કટ રીતે ચાહતાં એમનાં એક સંતાન સિસ્ટર યુજીનિયાને ઈશ્વર પિતાએ પાઠવેલા સંદેશાને જાહેર કરવાનું અમારું કર્તવ્ય બની જાય છે. આ સંદેશાને તો ધર્મસભાની સ્વીકૃતિ સુદ્ધાં પ્રાપ્ત છે.

ગ્રેનોબલના ભૂતપૂર્વ ધર્માધ્યક્ષ માનનીય એલેકઝાંડર કેલ્લોટનો પુરાવો રજૂ કરવો અમને ઉપયુક્ત લાગે છે. તેમણે ૧૯૩૫માં ધર્મપ્રાંતીય છાનબિનને માટે ફ્રાન્સના વિવિધ ભાગોમાંથી આવતા નિષ્ણાતોની સમિતિ નિયુક્ત કરી, આ સમિતિએ દશ વર્ષ સુધી કામ કર્યું.

આ સમિતિના સભ્યોમાં : ગ્રેનોબલના ધર્માધ્યક્ષના વિકાર જનરલ મોન્સેન્યોર ગેરી - ધર્મવિદ્યાવિદ, ઈસુસંગી ધર્મબંધુઓ, ફા. આલ્બર્ટ અને ફા. અગસ્ટીન વેલેન્સિન એમન્સ, ધર્મવિદ્યા ક્ષેત્રે તેમજ તત્ત્વજ્ઞાન અને આ પ્રકારની બાબતોને મૂલવવામાં નિષ્ણાત અગ્રણીઓ, તદ્ઉપરાંત તબીબી ક્ષેત્રના બે દાક્તરો - જેમાંના એક મનોચિકિત્સક હતા.

અમને ખાતરી છે કે, આ સંદેશો પ્રભુ પિતાના આપણે માટેના કોમળ- ઋજુભાવને સમજવામાં સહાય કરશે અને એનો શક્ય એટલો વધુ ફેલાવો થશે.

**ફાધર આન્દ્રે ડી આસ્કાનિયો**
*ઓએફએમ કેપ*

✝ આંશિક શિક્ષામોચન
જિરાર્દ, કેરોના વિકાર આપોસ્તોલિક
ઑક્ટૉબર, ૯-૧૯૩૫

✝ જીન, કાર્ડિનલ વર્ડિયર
પૅરિસના આર્કબિશપ
મે ૮, ૧૯૩૬

પ્રથમ આવૃતિઃ ૨૦૦૦ નકલ

*Laser-set and Printed at:* Anand Press, Gamdi-Anand, 388001.



# પરમપિતા પરમેશ્વરનું પ્રથમ પાવનચિત્ર

લિયા ગાલ્દિયોલા પાદુઆ દ્વારા તૈયાર કરાયેલ પાવન ચિત્ર પરમપિતા પરમેશ્વરનું દુનિયાભરમાં પ્રથમચિત્ર છે.

પરમપિતાના માનમાં થતા રાત્રિજાગરણ દરમ્યાન ડૉન બ્રાઝાલીએ ઓગસ્ટ ૬ અને ૭ વચ્ચે સાંજના સાસોને સ્થળે (રોમ) એને અધિકૃત રીતે રજૂ કર્યું.

આ પ્રસંગે બે મહાનુભાવોનાં વક્તવ્યો રજૂ થયાં, જેને અમે આલેખીએ છીએ : આ પાવન ચિત્ર પાછળનું તાત્પર્ય (ફા.આન્દ્રે), પરમપિતાના આ ચિત્રને કેવી રીતે સમજવું ? (ડોન લુઈઝી બ્રાઝાલી)

## પાવન ચિત્રનું તાત્પર્ય
(ફા.આન્દ્રે ડીઆસ્કાન્યો)

૧૯૩૨માં પરમપિતા પ્રભુએ મધર યુજીનિયા એલિસાબેતા રવાસિયાને 'પરમપિતાનો વત્સલ વાર્તાલાપ' લખાવ્યું, તેમાં આપણે વાંચીએ છીએ કે, હું પણ એમ ઈચ્છું છું કે, 'એ ચિત્ર ખાસ કરીને પ્રત્યેક કુટુંબ જાહેરમાં મૂકે. એ વિગત મારી પુત્રીને પછી બતાવીશ. આ રીતે દરેક કુટુંબ મારી છત્રછાયા હેઠળ જીવે અને એમ તેઓ સરળતાથી મને માન આપી શકશે. ચિત્ર સમક્ષ કુટુંબ પ્રતિદિન મને પોતાનાં કાર્યો, જરૂરિયાતો, દુઃખો, પીડાઓ, ઈચ્છાઓ અને આનંદનો સહભાગી બનાવે, કારણ કે, પિતાએ પોતાનાં બાળકો સંબંધી આ બધું જાણવું જોઈએ ને ?'

'આમ તો આ બધું જ હું જાણું તો છું - કેમ કે હું ત્યાં હાજરાહજુર હોઉં છું, આમ છતાં મને સરળતા ગમે છે. તમારી સ્થિતિને અનુકૂળ થવું મને પસંદ છે. નાનાં સાથે હું નાનો બની જાઉં છું અને મોટાં સાથે મોટો. આવી રીતે મારા મહિમા અને તમારા પુણ્યને માટે મારે જે કંઈ કહેવું હોય તે હું કહું અને સૌ તેને સમજી શકે. એટલે કે આ પાવનચિત્ર દ્વારા પરમપિતા દુનિયાનો કબજો લેવા ચાહે છે. તે આ વિશ્વને અને તમારાં બાળકોને ચાહે છે.'

મધર યુજીનિયાવાળું પરમપિતાનું ચિત્ર ઘણું સામાન્યકક્ષાનું હતું. એનું અસલ ચિત્ર ઇટાલી અને ફ્રાન્સમાં શોધવા પ્રયત્નો કર્યા. એ મધર યુજીનિયાની મૂળ ફાઇલમાં વેટિકન પાસે હશે એવી ખબર પડી અને એની કૉપી પ્રાપ્ત કરવા કાયદેસરની અરજ ગુજારી પણ એનો જવાબ ન મળ્યો.

મધર યુજીનિયાવાળું પરમપિતાનું ચિત્ર દાઢી સહિત હતું - એની સાથે આ નવા ચિત્રનો મેળ ખાતો ન હતો. આ ચિત્ર સામે અનેક વાંધાઓ ઊભા થયા - પરમપિતાના દાઢી સહિતના ચિત્ર પર ભાર મૂકાતો એનું કારણ પણ અકળ હતું. ઇશ્વરે સહાય કરી અને અમે જમાનાના જાણીતા પ્રબુદ્ધ ચિત્રકાર લિયા ગાલ્દિયોલાને મળ્યા. અમે તેમને પરમપિતાનું શક્ય એવું સારું ચિત્ર તૈયાર કરવા અરજ ગુજારી.

લિયાને પરમપિતાનું ચિત્ર તૈયાર કરવા ખાસ્સું વેઠવું પડ્યું. ઇશ્વરના દરેક કાર્યમાં હોય છે તેમ આમાં તેમણે ભારે કિંમત ચૂકવી. ચિત્રકારને કષ્ટદાયક સારવાર લેવા ચિત્ર પૂરું કરીને હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. તેમના કારણે જ આજે આપણે અત્રે ભેગા થઇ શક્યા છીએ.

આ એક પાવન ચિત્ર છે. એના ઉપર દૃષ્ટિપાત કરતાં ઘણું બધું સમજાય જાય છે, એમાં એકધ્યાન બની જવાય છે.

ડૉન બ્રાઝાલી ચિત્રોની બાબતે ઇટાલીભરમાં આગળ પડતા નિષ્ણાત છે. તેઓ આ ચિત્રની સમજૂતી આપશે. પરમપિતાના સંદેશામાં આપણે વાંચીએ છીએ એ પ્રમાણે પ્રભુપિતાની ઇચ્છાનુસાર ઑગસ્ટની ૭મી એ તેમના માનમાં ખાસ તહેવાર ઉજવવામાં આવે. હવે આજ દિવસે આ ચિત્રની રજુઆત યથાયોગ્ય ગણાય. પરમપિતાની હાજરીનો એ નક્કર પુરાવો છે કે તેઓ પોતાનાં બાળકોનો કબજો લે છે.

પરમપિતાની એવી ઇચ્છા છે કે, એમનું આ ચિત્ર બધાં જાહેર સ્થળો, શાળાઓ, કાર્યાલયો, ઑફિસો વગેરે સ્થળોએ ખુલ્લું મૂકવામાં આવે.

## પરમપિતાના ચિત્રને કેવી રીતે સમજવું ?
### (ડૉન લુઇઝી બ્રાઝાલી)

આપણા સર્વસમર્થ પિતા ઇચ્છે છે કે, આ પવિત્ર ચિત્ર દ્વારા એમના ચહેરાનું ચિંતન, સંવેદકદૃષ્ટિ વડે કળાત્મક દૃષ્ટિકોણ દ્વારા કરવામાં આવે.



સર્વસમર્થ પ્રભુ માનવહૃદયોને પોતાના ભણી આકર્ષવામાં ધૈર્યવાન અને દયાળુ છે કેમકે માનવને નરકમાંના દુશ્મને વિષમય બનાવ્યો છે.

અત્રે પરમેશ્વર પિતાનું - આપણા પિતાનું પાવન ચિત્ર છે.

આ પાવન પિતા કોણ છે ? તે ઇસુ નાઝારી અને એમના ભાઇઓ દ્વારા પવિત્ર અને સર્વસમર્થ તેમજ 'પિતા, આબ્બા' થી જાણીતા છે. તે પિતા, મારા પિતા છે - આથી આ ચિત્રનું નામ છે : 'આબ્બા, સર્વસમર્થ ઇશ્વર, આપણા પિતા.'

ફા.આન્દ્રે આપણને જણાવે છે કે, ઇશ્વર આપણા પિતા ઇચ્છે છે કે, આ પાવન ચિત્ર એમની ભલમનસાઇ, શક્તિ અને સામર્થ્ય પ્રકટાવે. ધર્મવિદ્યાની દૃષ્ટિએ લિયા ગાલ્દિયોલાના મતાનુસાર, જે ભાવ રજૂ થયેલ છે એ ધર્મસભાના પારંપારિક વારસા અને તાજેતરના પ્રકટીકરણના સંદર્ભે મૂલ્યવાન અને અધિકૃત છે. આ દૃષ્ટિથી ચિત્રને નીરખતાં નોંધનીય આધ્યાત્મિક લાભ સાથે કલાત્મક ચિંતનમનન થાય છે.

લિયા ગાલ્દિયોલા જેઓ હાલ પાદુઆમાં રહે છે. તેઓ પ્રાર્થનામય અને ધૈર્યવાન સજ્જન છે. તેમણે આ પાવનચિત્ર વિશે લખેલ વિગત એનો સાચો ઉપયોગ કરવાને પ્રેરે છે.

તેઓએ ચિત્રોની પરંપરાગત શૈલીનો, શાસ્ત્રીય સ્વરૂપનો અભ્યાસ, પ્રેમ તથા ઉત્સાહથી કરી પોતે આગવી પદ્ધતિ વિકસાવી છે. તેમની જ્ઞાનસમૃદ્ધિ પ્રશસ્ય છે - તેમની વિશેષતાઓ જોવા મળે છે :- સૂર્ય પરિધાન કરેલ મેડોના, કરુણામૂર્તિ ઇસુ, પવિત્ર કુટુંબ અને સંત જોન જેવાં ચિત્રોમાં.

અગાઉ બતાવ્યા પ્રમાણે અમને આ ચિત્ર, અમારા લાંબા સમયના મૌન, ઉપવાસ, પ્રાર્થના અને તપ પછી પ્રાપ્ત થયું છે. લિયા ગાલ્દિયોલાએ પણ આધ્યાત્મિક રીતે એક મનના થઇ, પ્રાર્થનામાં અમારી સાથે રાત ગુજારી.

**આ ચિત્રની પ્લેટ** (કિનારી): - એનો આકાર ચતુષ્કોણ જેવો છે, એની ચાર બાજુઓ ચાર મહત્ત્વની વાત રજૂ કરે છે. સર્વસમર્થ પિતાની ઇચ્છા એવી છે કે એમનો સંદેશો ચારેકોર ગુંજી ઊઠે, એટલે કે તેમનો સંદેશો સમગ્ર વિશ્વ માટે છે.

ચતુષ્કોણનો આકાર દૈવી બાબતોની બારીઓ છે - આ બારી પૃથ્વીની કોઇપણ બાજુએથી ખોલી શકાય છે. અંદરની બાજુએથી ચડાવેલો સોનાનો ઢોળ બારીનો નિર્દેશ કરે છે. પ્રભુનું ચિંતન થઇ શકે એ માટે આ ચિત્ર બારીની ગરજ સારે છે, એ દ્વારા પ્રભુમનન થઇ શકે છે.

તમે જોઈ શકો છો કે ચિત્રની બહારની બાજુ નાની શી **લાલ બોર્ડર** છે. એ ઇસુના પૃથ્વી પરના લોહીને દર્શાવે છે.

પવિત્ર આત્માની ભેટ દ્વારા આપણે આ રક્તનો લાભ મેળવી શકીએ છીએ. પવિત્ર ત્રૈક્યના ત્રણ જણમાં, કોઇપણ એક અન્ય બેના સાથ-સહકાર વિના કાર્યરત થતું નથી, એટલે સ્તો આ ચિત્ર ભલે પરમપિતાનું હોય પણ પાવન પુત્ર અને આત્માની હાજરી અહીં હોવાની જ.

આ ચિત્રમાં **ત્રણ જગત**, એમાં વપરાયેલ માલસામાન દ્વારા વ્યક્ત થાય છે. આ ચિત્રની ઉત્તમતા  સમજવા માટે આ વિગતોને અવગણી ન શકાય. **વનસ્પતિ જગત** બતાવવા લાકડું વપરાય છે, **પ્રાણીજગત** દર્શાવવા છીપલાંની રજ અને સસલાંની ચામડીમાંથી નીકળતો સરેશ, પ્લેટને લીસી કરવા વપરાયેલ છે, રંગને જાડો બનાવવા ઈંડું વપરાયેલ છે. **ધાતુજગત** દર્શાવવા ઑક્સાઇડ વડે આચ્છાદિત કરેલા રંગો હાજર છે.

ઇશ્વરે માનવનું સર્જન કરીને એને દુનિયાનો રાજા બનવાનો અવસર પ્રદાન કર્યો છે તેમ આ પ્લેટ - ગભાણનું રહસ્યોદ્‌ઘાટન કરે છે.

પશ્ચાત્‌ ભૂમાં જે પાટલી ઉપર સર્વશક્તિમાન પ્રભુ બિરાજે છે એની નીચે જુઓ, એનો રંગ કાળો છે, એ એક સમાન નથી. આ રંગ આનંદવાટિકા, ઇદનબાગનું સૂચન કરે છે. ધુમ્મસ જેવું દેખાય છે એ શિયાળાને બતાવે છે અને ઠંડા માનવહૈયાનો પ્રતિભાવ દર્શાવે છે. આસનની નીચેનો તદ્દન કાળો ભાગ પાપની કાલિમા છે માનવે સારાનરસા વચ્ચે પસંદગી કરવાની છે.

પરમપિતાએ ડાબા હાથથી સજ્જડ રીતે **ભૂરા ગોળાને** હૃદયસરસો ચાંપી રાખ્યો છે. અહીં ક્ષણેક થોભીએ કારણ, આ ચિત્રમાં આનું ખાસ્સું મહત્ત્વ છે. આ કંઇ પૃથ્વીનો ગોળો નથી. એનો અર્થ ઊંડો અને અદ્‌ભુત છે.



આદમના પાપે પરમપિતાને પીછેહટ કરાવી, આમ છતાં એમને ખાતરી હતી કે માનવ પાપથી સ્વતંત્ર બનશે ત્યારે તેને પોતાની ભૂલ સમજાશે અને એ પાછો આવશે.

આ બાબતને સૈકાઓ નહીં, કંઇ હજારો સાલનાં વહાણાં વાયાં. એ દરમ્યાન તો પરમપિતાએ મુક્તિનો માર્ગ તૈયાર કરી દીધો હતો.

શબ્દ માનવ થતાં મુક્તિયોજના પરાકાષ્ટાએ પહોંચી. માનવયુગનાં પીડા અને મૃત્યુએ પાવન આત્માને ફરી એકવાર આપણે માટે સુપ્રાપ્ય બનાવી દીધો. ઇસુએ 'સંપૂર્ણ થયું' સુધી પિતાની યોજનાને પૂર્ણ બનાવી, માનવ દ્વારા જ માનવનું દૈવીકરણ થયું, ભૂરા ગોળા દ્વારા તેઓ આ વ્યક્ત કરવા માગે છે. **પિતાની આ પ્રેમયોજના એવી છે કે આપણે એમના પોતાનાં હાથમાં રહીએ અને તે આપણને મજબૂત રીતે પકડી રાખે.** ભૂરો રંગ દર્શાવે છે કે આ યોજનાનો અમલ અને તેની સમજણ દિવ્ય છે આ આખા ગોળાને આલ્ફા અને ઓમેગા છાઇ વળે છે - એ સૂચક છે : પરમશબ્દ દરેક વસ્તુનો આદિ અને અંત છે. હકીકતે સર્વસ્વ એમના દ્વારા અને એમને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે.

તમે જોયું હશે કે ગોળાની ટોચે સુવર્ણક્રૂસ છે. આ ક્રૂસ માનવજાતની મુક્તિ માટે વધેરાયેલ ઘેટાનું સિંહાસન છે. સુવર્ણ, અનંતતાનું દ્યોતક છે. ધર્મવિદો બતાવે છે કે, ક્રૂસ પરમપિતાના મનમાં અનંતકાળથી જ કોતરાયેલ હતો.

સમગ્ર ચિત્રમાં પિતાની આકૃતિ ઉપર પ્રકાશનાં કિરણો કેન્દ્રિત બને છે. **પિતા મધ્યસ્થ સ્થાને** હોઇ ખાસ ધ્યાનપાત્ર બની જાય છે. પિતા માટે જેમને તાલાવેલી હોય એ સૌને માટે તેઓ હાજરાહજુર હોય છે.

એમના ખભાની આજુબાજુ **બદામ આકારની સોનેરી ભાત** જણાય છે. એ દ્વારા તમે શુદ્ધ ખુલ્લા આકાશમાં પ્રવેશી શકો. સર્વોચ્ચના સિંહાસન પાસે દિવ્ય આત્માઓ ભૂરા સ્વર્ગમાં વાસ કરે છે.

**બાર લપકતી અગ્નિજ્વાળાઓ** એમની ડાબે-જમણે રહેનાર સેરાફિમનું સ્વરૂપ દર્શાવે છે, આ દેવદૂતો પરમેશ્વર પિતાના અખૂટ પ્રેમ અને અનંત દયાનું તથા અસાધારણ, અકલ્પ્ય કાર્યનું સદા ગાન કરે છે.

આંકડો : ૬ સેરાફિમ એક તરફ અને ૬ બીજી તરફ, સૂર્યને પરિધાન કરનાર આ મેડોના - મૂર્તિ માટે ૧૨ શિષ્યો, વડીલો અને તારાઓ શોભા અર્પી રહ્યા છે. આ સેરાફિમ માત્ર ચિંતન-મનન નથી કરતા પણ આપણા પિતાની ઇચ્છાને પૂર્ણ કરનારા સંનિષ્ઠ સંદેશવાહકો પણ છે.

હવે **ચહેરાને** અવલોકો, પ્રેષિત ફિલિપે ઈસુને કહ્યું, 'સ્વામી, અમને પરમપિતાનાં દર્શન કરાવો, એટલું પૂરતું છે' આનો ઈસુએ ઉત્તર વાળ્યો, 'ફિલિપ જે કોઇ મને જુએ છે એ પિતાને જુએ છે' ફિલિપ સમજી ગયા હતા કે, ઈસુ પિતાની જેમ વર્તી રહ્યા છે અને તેમની ઇચ્છાની પરિપૂર્તિ કરી રહ્યા છે, પરંતુ તેમનો ચહેરો રજૂ કરવો શી રીતે ?

પરંપરાને અનુસરનારા પાશ્ચાત્ય ચિત્રકારોએ આપણા પરમપિતાને મોટા, ભલા, ગંભીર અને લાંબી સફેદ દાઢીસહિત રજૂ કર્યા છે. આમ છતાં આ તો પરમપિતા છે. દાઢી, હાડમાંસા પક્વ માનવીની નિશાની છે. સફેદ દાઢી માનવીની મોટી ઉંમર દર્શાવે છે. જે આત્માસ્વરૂપ છે એવા પરમપિતા માટે આમ ન હોય.

૧૪૨૦ માં એક પવિત્ર મઠવાસી અને ચિત્રકાર-નામે આન્દ્રેઇ રેબ્લેવ, ઉપરોક્ત હકીકતનું સહજજ્ઞાન પામી ગયા હતા, તેમના પ્રખ્યાત પવિત્ર ત્રૈક્યના ચિત્ર વખતે તેમને આનો ખ્યાલ આવ્યો હતો. આ પાવન ચિત્રને બનાવનાર લિયોએ પોતાના ચિત્ર માટે પણ દાઢી અને જાકીટ અને ઝભ્ભાના રંગને જવા દીધાં.

પૂર્વાત્ય ચિત્રકળાની પરંપરાનુસાર વિગતપૂર્ણ ચહેરો - શાંતિ, શક્તિ અને શરણાગતિની પ્રેરણા આપે છે. શિર : **શ્વેત તેજ વર્તુળથી** શોભતા માથાની આસપાસ ત્રણ નામના અક્ષરો વર્તાય છે : ઓમિક્રોન, ઓમેગા, એટા-એનો અર્થ થાય છે - 'હું જે છું તે જ છું' - એટલે કે 'સર્જનના મૂળમાં હું છું !'

**વાળ** કાળા છે. એનો અર્થ છે - દૈવી અંધકાર. માનવમન માટે આ અકલ્પ્ય એવું રહસ્ય છે - મધ્યમાં સેંથી છે જેનો, શરૂઆતમાં વચ્ચેથી ભાગ પડે છે, એ જાણે અંતરપટ કે પડદાની ગરજ સારે છે એની પાર પ્રકાશ હોય !

વાળ સોનેરી લટોવાળા છે. આ નિશાની પવિત્રોમાં **પવિત્ર એવા** યરુશાલેમના મંદિરના પડદામાં પણ દેખાય છે : આ પટલ ઈસુના **હૃદયને**



ભાલાથી વીંધી નાખતાં ચિરાઇ ગયો. આને કારણે ઈશ્વર અને માનવ વચ્ચેનો અંતરાય દૂર થઇ ગયો - અને ફરી એકવાર માનવ ઈશ્વરના ચહેરાનું દર્શન કરી શક્યો.

એમના **નાના હોઠ** તત્પર બન્યા છે, પવિત્ર આત્માનું શબ્દ દ્વારા જીવતદાન દેવા. આગળ પડતી દેખાતી ડોકમાં પણ આવા જ ભાવનો નિર્દેશ થાય છે.

પરમપિતાની **આંખો** પ્રેમ અને ઋજુતાપૂર્ણ છે. તે આપણા પ્રતિભાવને, સહકારને ઝંખે છે - આ જ કારણથી આ પાવન ચિત્રનું લાંબા સમય સુધી મૌન ને પ્રાર્થનાપૂર્ણ ચિંતન થવું જોઈએ, આની આગળ આરાધના થવી જોઇએ.

જ્યાં સેરાફિમ છે એ **ખભા** આગળ ત્રીજા સ્વર્ગની ઝાંખી છે, આ વાદળી સ્વર્ગ તરફ પ્રભુ પિતા આપણ સૌને દોરી જવા માગે છે.

લાલ **ઝભ્ભો** અને વાદળી **જાકીટ** સર્વસમર્થ પ્રભુ આપણે માટે કોણ છે એ બતાવે છે - ભૂરું જાકીટ દિવ્યતાનું સૂચન કરે છે અને લાલ ઝભ્ભો એમના શાણપણની નિશાની છે - આ રંગો નિર્મળ અને પારદર્શક જણાય છે તે પણ ગૌરવ અર્પતા લાગે છે.

ઝભ્ભો ઘણો ખૂલતો અને વિશાળ છે એ આવકાર-સૂચક છે. તમે જોયું હશે કે ડાબી બાજુની એની કોર જમીનને સ્પર્શે છે. તે આ લોકોને જણાવવા માગે છે કે જો લોકો મારો આત્મા પ્રાપ્ત કરવા ચાહે તો મારા ઝભ્ભાની કોરને વળગી શકે.

જે **પાટલી** પર તેઓ બેસે છે તે તદ્દન સાદી છે, એ સિંહાસન નથી. એમની ઇચ્છા ખરી કે આપણે કોઇ હિચકિચાટ કે ડર વિના એમની પાસે જઇએ. સુવર્ણ કિરણો વડે ઢંકાયેલ હોવા છતાં આ કલાકૃતિનો મુખ્ય સૂર એની શિષ્ટભાત છે.

**બે ઓશિકાંઓ :** ડાબી બાજુનું વાદળી ઓશિકું, જે ઈશ્વરનું પ્રતીક છે અને જમણી બાજુનું લાલ ઓશિકું, જે માનવનું પ્રતીક છે - એ બંનેનો સુમેળ સર્જનની શરૂમાં બરાબર હતો એવો સમન્વય પરમપિતા સમક્ષ થાય છે.

**જમણો હાથ** ઉદારતાપૂર્વક આશિષ આપવા ઊંચો થયેલો દેખાય છે - પરમપિતા આપણા ભલા પિતા છે, એમને દુનિયાનો ન્યાય તોળવો નથી, એને બચાવવી છે. તેમના હાવભાવ ગંભીર છતાં સ્વીકારસૂચક છે.

જમીન પર પડેલ **રાજદંડ** તેમના ન્યાયનું પ્રતીક છે, તે એમના પગ આગળ છે. પિતા માત્ર દયા જ વર્ષાવવા ઇચ્છે છે. જમણા પગ આગળ, રાજદંડ પાસે પડેલો શાહી મુગટ એ આપણને ડરનું કારણ દૂર કરી તેમની પાસે જવાનું સૂચવે છે. તેમના મજબૂત ઘૂંટણ જુઓ, પિતા તરીકે તેઓ સૌને આવકારે છે. તેઓ બેઠા હોવા છતાં એમના પગ જવા તત્પર લાગે છે. આપણા પિતા આપણી તરફ આવવા અને આપણી સાથે રહેવા ઇચ્છે છે. પાવનત્વને કારણે તેમના પગ **તેજ કિરણોથી** ચમકી રહ્યા છે. પગની આસપાસ કાળા જેવું જે દેખાય છે, તે પગરખાં નથી પણ દૈવી અંધકાર છે, તે અખૂટ સમૃદ્ધિ અને શાણપણનું ચિહ્ન છે.

ધર્મવિદ્યાની દૃષ્ટિએ આ બધું ઉપકારક અને ભક્તિ માટે આધ્યાત્મિક જીવનને પોષક છે ! ચિત્ર અભ્યાસ માટે નહીં, મનનચિંતન માટે છે એનો સાચો અર્થ સમજવા એનું મનન કરવું જોઇએ. પાવનચિત્ર પ્રાર્થનામાં પેદા થયું છે અને તે પ્રાર્થનાના હેતુ માટે વપરાવું જોઇએ. ઈશ્વરની સાથે માનવનો ઘનિષ્ટ સંબંધ છે એ બતાવવા માટેનું આ એક સબળ સાધન છે.

આ પાવનચિત્ર પરમપિતા આપણી સાથે છે એ ભાવ જીવંત કરે છે.

પૂર્વની સંસ્કૃતિમાં પાવનચિત્રોની સ્થાપના ભારે ધામધૂમથી થાય છે કેમકે એ દ્વારા પ્રભુની હાજરીનું પાવક સ્મરણ થાય છે.

મને તો ખાતરી છે કે આ ચિત્ર ઈશ્વર તરફ જવાનું દ્વાર છે. સર્વસમર્થ પ્રભુ પિતા, આબ્બા, તેમની સાથે આપણું મિલન કરાવવા તત્પર છે એ સદા યાદ રહે !



# મધર યુજીનિયા એલિસાબેતા રવાસિયો

મધર યુજીનિયા - વળી કોણ ? - ઈશ્વર પિતા એમને મારી પનોતી પુત્રી અને મારી નાનકડી વેલથી સંબોધે છે.

અમારા મન મુજબ મધર યુજીનિયા એ આધુનિક ધર્મસભાનાં પયગંબર છે. તેઓ માને છે કે પરમેશ્વર પિતા સમગ્ર માનવજાતને માટે કેન્દ્રસ્થાને વિરાજે છે. તેમને માટે સંવાદિતા એ આધ્યાત્મિકતાનો આદર્શ છે. અંધકાર અને અંધાધૂંધીના આ સમયમાં તેઓ પ્રભુ પિતાએ જગતને ધરેલ પ્રકાશસ્વરૂપ છે, એમના દ્વારા આગળ જવાની કેડી સૂઝે છે.

તેમનો જન્મ ઈટાલીના બરગામો પ્રાંતના સેન ગરવાસિયો, નામના નાનકડા ગામમાં ૧૯૦૭ના સપ્ટેમ્બરની ૭મી તારીખે, ખેડૂતના કુટુંબમાં થયો હતો.

તેમને પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મળ્યું હતું. થોડાં વર્ષ તેમણે કારખાનામાં કામ કરી વીસ વર્ષની ઉંમરે અવર લેડી ઑફ અપોસલ્સ મંડળમાં પ્રવેશ મેળવ્યો. અહીં એમનું એવું કરિશ્માઈ વ્યક્તિત્વ ખીલી ઊઠ્યું કે, પચીસ વર્ષની યુવાનવયે તેઓ મધર જનરલની પદવીએ ચૂંટાઈ આવ્યાં. એમના આધ્યાત્મિક ગુણો ઉપરાંત ફક્ત એમની સામાજિકક્ષેત્રની કામગીરી જોઈએ તો પણ ઇતિહાસમાં એમનું સ્થાન નિશ્ચિત બની જાય. બાર વર્ષની એમની મિશનરી પ્રવૃત્તિમાં જ એમણે આફ્રિકા, એશિયા અને યુરોપના સાવ દૂરના વિસ્તારમાં સિત્તેર તો એવાં કેન્દ્રો ખોલ્યાં કે જ્યાં દવાખાનું શાળા અને દેવળની સગવડ પૂરી પાડી હોય.

તેમણે ઉષ્ણ કટિબંધના કોઈ છોડના બીમાંથી રક્તપિત્તની દવા શોધી કાઢી. એ પછી પેરીસની પાસ્ચર ઈન્સ્ટીટ્યુટમાં એ વિશે આગળ ઉપરનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો અને વિશેષ સંશોધન થયું.

રક્તપિત્તિયાના પ્રેષિત ગણાતા એમને માટેની ઈમારતનો પાયો નાખનારા રાઉલ ફોલોઅરુના પ્રૈષિતિક કાર્યને એમણે જ પ્રોત્સાહિત કર્યું.

તેમણે એઝોપ્ટે (આયવરી કોસ્ટ) ખાતે ૧૯૩૯-૪૦ના ગાળામાં રક્તપિત્તિયાનું શહેર બનાવવાની એક યોજના તૈયાર કરી. રક્તપિત્તથી પીડિત વ્યક્તિઓ માટેનું આ વિશાળ કેન્દ્ર હતું, જે, આજે પણ એ પ્રકારનાં કેન્દ્રોમાં આફ્રિકાખંડમાં અને સમગ્ર દુનિયામાં એક અગ્રગણ્ય કેન્દ્ર છે.

મધરની સામાજિક કાર્યની સ્વીકૃતિ રૂપે, ૧૯૩૫થી ૧૯૪૭ના જે ગાળામાં તેઓ મંડળના સુપિરિયર જનરલ તરીકે હતાં એને, ફ્રાન્સની સરકારે સામાજિક કાર્ય માટેનો સર્વોચ્ચ એવોર્ડ એનાયત કર્યો. મધર ૧૯૯૦ની ઓગસ્ટની ૧૦મી તારીખે પ્રભુપિતાને ધામ સિધાવ્યાં.

"પરમપિતાનો વત્સલ વાર્તાલાપ" આ પુસ્તક દ્વારા પ્રભુપિતાનો માનવજાતને મળેલ સંદેશો મધરનું મહત્ત્વનું પ્રદાન ગણી શકાય. આ, મધરને પ્રભુ પિતાનું વ્યક્તિગત સ્વરૂપમાં લાધેલું પ્રકટીકરણ છે, ધર્મસભાએ પણ દસ વર્ષની આકરી કસોટીઓ બાદ એને માન્ય રાખી અધિકૃતતાની મહોર મારી છે. પુસ્તકની શરૂમાં ગ્રેનોબલના માનનીય ધર્માધ્યક્ષ મોન્સિન્યોર એલેકઝાન્ડર કેલ્લોટનો અહેવાલ નીચેના તારતમ્ય પર વિરમે છે, જેને અમે પુનઃ તાજો કરીએ છીએ.

"અત્રે નોંધપાત્ર તો એ છે કે, પ્રભુ પિતાએ (૧૯૩૨માં) મધરને જે સંદેશો ઉતારાવ્યો એ લેટીન ભાષામાં હતો, જે એમને માટે પૂર્ણતયા અજાણી ભાષા હતી."

આ સંદેશા દ્વારા જે ઉપકારોના પરચાઓ પ્રાપ્ત થયા છે. એથી ખાસ કરીને તો જેલો, લશ્કરી છાવણીઓ અને દવાખાનાંઓમાં, વિનામૂલ્યે અમે પ્રચાર કરવાને પ્રેરાઈએ છીએ. સંદેશો અંગ્રેજી ઉપરાંત, ફ્રેન્ચ, ઈટાલિયન, સ્પેનિશ અને જર્મન જેવી ભાષાઓમાં પ્રાપ્ય છે.

## મધર યુજીનિયાના કિસ્સા બાબતે ધર્મસભાની અધિકૃત તપાસ બાદ ગ્રેનોબલના ધર્માધ્યક્ષ એ. કેલ્લોટ દ્વારા તૈયાર કરાયેલો અહેવાલ

મધર યુજીનિયાના બનાવને દસ વર્ષ વીતી ગયાં બાદ, ગ્રેનોબલના ધર્માધ્યક્ષ તરીકે મેં એ બાબત વિશે તપાસ કરવાનું ઠરાવ્યું.

ધર્મસભા સમક્ષ પુરાવા રજૂ કરવા માટે હવે મારી પાસે પર્યાપ્ત માહિતી છે.

૧ - પ્રથમ હકીકત જે તપાસ દ્વારા જાહેર થાય છે તે એ છે કે, મધર યુજીનિયામાં ગણનાપાત્ર સદ્દગુણો સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત થાય છે.



આ સિસ્ટરે એમના ધાર્મિક જીવનની શરૂઆતથી જ પોતાનાં ભક્તિભાવ, આજ્ઞાધિનતા અને નમ્રતાને લઈને ઉપરીઓનું ધ્યાન ખેંચ્યું હતું.

એમના નોવિશિયટ (ઉમેદવારી) દરમ્યાન બનેલા અસામાન્ય પ્રકારના બનાવોને લઈને ઉપરીઓએ એમને કોન્વેન્ટમાંથી દૂર કરવાની પેરવી કરેલી. સિસ્ટરના નમુનેદાર જીવનને લઈને એમને એ યોજના હિચકિચાટ સાથે પડતી મૂકવી પડેલી.

આ તપાસ દરમ્યાન સિસ્ટર યુજીનિયા અત્યંત ધીરજપૂર્વક તેમજ ભારે સાલસાઈથી, કોઈપણ જાતની ફરિયાદ સિવાય, બધી જ તબીબી અને ધર્મવિદ્યાની સમિતિઓની લાંબી અને સંતાપ યુક્ત પ્રશ્નાવલિના ઉત્તર દેતાં, વિરોધાભાસો અને કસોટીઓને સ્વીકારી લેતાં. વિશેષ વાત તો એ છે કે, બધા જ તપાસનીશોએ તેમની સરળતાનાં ભારોભાર વખાણ કર્યાં. કંઈ કેટલાય પ્રસંગોએ સાબિત કર્યું કે, આ સિસ્ટર, સર્વોત્કૃષ્ટ કક્ષાએ સદ્દગુણોનું આચરણ કરી શકતાં હતાં. ધર્મવિદ્દોના મતાનુસાર, સિસ્ટરનું આંખે ઊડીને વળગે એવું લક્ષણ, ફા. અગુસ્ટે વેલેન્સિની તપાસ દરમ્યાન તેમણે દાખવેલું આજ્ઞાપાલન, ઉપરાંત ૧૯૩૪ના ૨૦ ડિસેમ્બરના ઉદાસદિન દરમ્યાન બતાવેલી વિનમ્રતા હતી.

જે પદને માટે તેઓ ક્યારેય તૈયાર ન હતાં એવું સુપિરિયર જનરલનું કાંટાળા તાજ જેવું પદ તેમને મળતાં, તેમણે અત્યંત કર્તવ્યનિષ્ઠાથી આત્માઓના કલ્યાણ અર્થે તેમજ પોતાના મંડળ અને ધર્મસભાની ચાહના અર્થે એનો સદુપયોગ જ કર્યો. આ બાબતે મને ખાતરી છે.

હું માત્ર એમના સદ્દગુણોથી જ નહીં, પણ તેઓ જે રીતે પોતાની સત્તાનો અમલ કરતાં એથી પણ પ્રભાવિત થયો છું, તદ્દઉપરાંત દેખીતી રીતે જ, પાંખુ ભણેલી એક સાધ્વીબાઈ મંડળની સર્વોચ્ચ ખુરશીમાં બેઠેલી હોય એ જાતે જ અદ્દભુત ઘટના ગણાય ! આ બાબતે, કંઈક અસામાન્ય કહી શકાય, એવી ઘટના બની. એમની ચૂંટણીટાણે જ મારા વિકાર જનરલ મોન્સિન્યોર ગેરીએ તાકડે જ તપાસ બેસાડી. ધર્મસભાના કાયદાની રૂએ ઉંમરનો વાંધો હોવાને કારણે, એમની પસંદગી નકારી કાઢી શકાઈ હોત, આમ છતાં સિસ્ટરની ગુણપરખનો, સમધારણ સ્વભાવ, કાર્યશીલતા અને મક્કમતાને લીધે ધર્માધ્યક્ષ સમિતિના સભ્યો (ચેપ્ટર મેમ્બરો), ઉપરી અધિકારીઓ અને વિભિન્ન સન્યાસીસંઘના સભ્યોએ દર્શાવ્યું કે, તેઓ મધર યુજીનિયાને સુપિરિયર જનરલ તરીકે પસંદ કરે છે.

એમનામાં મેં સવિશેષપણે જોઈ એ એમની સ્પષ્ટ, સચોટ અને પ્રભાવક બુદ્ધિમત્તા. મેં આગળ કહ્યું કે, એમનું શિક્ષણ અધૂરું હતું, પરંતુ તેમને માથે ઘરની જવાબદારી છેક નાનપણથી હોઈ, તેમને શાળામાં હાજરીના વારંવાર વાંધા પડતા. ઉપરાંત માની નાદુરસ્તી જેવાં પરિબળો એમના કાબૂ બહારનાં હતાં. કોન્વેન્ટમાં જોડાયા પહેલાં તેમણે મિલના વણાટ ખાતામાં કપરાં વર્ષો કાઢ્યાં. આમ મૂળભૂત રીતે મુશ્કેલીભરી શરૂઆત હોવા છતાં તેમની ભાષા અને રીતભાત અનોખી હતી. તેઓ સાથી બહેનોને ઘણાં વ્યાખ્યાનો આપતાં. નોંધનીય હકીકત તો એ છે કે, તેઓ જાતે જ પોતાના સંઘના પરિપત્રો ઘડતાં અને મ્યુનિસિપાલિટીના અધિકારીઓ માટે કે, અવર લેડી ઓફ એપોસલ્સની હૉસ્પિટલોની બંધારણીય સમિતિને લગતા કરારોનું જાતે સંકલન કરતાં. તેમણે ખાસ્સું મોટું શબ્દભંડોળ પણ સંકલિત કર્યું છે.

તેઓ દરેક પરિસ્થિતિને દીવા જેવી સ્પષ્ટ અને નિર્ભેળ રીતે જ જોતાં - જાણે કે અંતરાત્માનો અવાજ ન હોય ! એમની સૂચનાઓ નિખાલસ, ચોક્કસ અને ઘણી જ વ્યવહારુ હતી. તેઓ પોતાના મંડળની ૧૪૦૦ માંની એકેએક (સાધ્વી) બહેનોને વ્યક્તિગત રીતે ઓળખતાં : દરેકનાં વલણો અને ગુણોથી વાકેફ હોઈ, સૌથી લાયકની જ યોગ્ય કાર્ય માટે પસંદગી કરતાં. તેઓ, પોતાના મંડળની જરૂરિયાતો તથા સાધનોથી વ્યક્તિગત રીતે પૂર્ણતયા સભાન હતાં, પોતાના એકેએક ઘરની સ્થિતિ વિશે વાકેફ રહેતાં અને દરેકની અંગત મુલાકાત કરતાં.

અમે એમની દીર્ઘદષ્ટિ પર ખાસ ભાર મૂકવા માગીએ છીએ. મંડળની પ્રત્યેક હૉસ્પિટલ અને શાળાને યોગ્ય લાયકાતવાળાં સિસ્ટરો પ્રાપ્ત થાય અને એ સૌની જીવનજરૂરિયાતો તથા વિકાસ અર્થે જે કંઈ જોઈતું હોય એ બધું મળી રહે, એ માટે તેઓ પૂરતાં પગલાં લેતાં. મને એ નોંધતાં આનંદ થાય છે કે મધર યુજીનિયામાં નિર્ણાયકતા, વાસ્તવિકતા અને મૌલિકતાનો ત્રિવેણીસંગમ થયો હતો. ૬ વર્ષમાં તો તેમણે ૬૭ નવી સંસ્થાઓ ખોલી, જેને લીધે તેમની સંસ્થાઓએ ભારે તરક્કી સાધી.

હું એમની - બુદ્ધિમત્તા, નિર્ણાયકતા, ઈચ્છાશક્તિ અને સંચાલનશક્તિ પર ભાર એટલા માટે મૂકવા માગું છું કે, ભ્રમણાયુક્ત ખ્યાલો, ચિત્ત ભ્રામકતા, ઉન્માદકતા તથા પ્રેતાત્મા વિષયક, એમની સામે મૂકેલા આક્ષેપોને હું સદંતર (તળિયાઝાટક રીતે) રદબાતલ કરી શકું. ઉપરોક્ત બાબતોની ઝીણવટથી તપાસ કરવામાં આવી છતાં એમની સામે નક્કર કહી શકાય એવી કોઈ હકીકત, કે કોઈ એવી સાબિતી પ્રાપ્ત થઈ શકી ન હતી.



મધર યુજીનિયાનું જીવન એમના વ્યાપક ચૈતસિક સમતોલનનો નમુનો જ છે, આ જ એમના વ્યક્તિત્વનું આગવું લક્ષણ. એમની સૂચનાત્મકતા અને વ્યવસ્થાશક્તિને કારણે તપાસનીશો તો આશ્ચર્યચકિત થઈ ગયા હતા કે, તેઓ એક એવા વ્યક્તિત્વની છાનબિન કરી રહ્યા હતા જે અનેક પાસાદાર દર્પણ જેવું હોય, જેમાં અનેક વ્યક્તિત્વો અને સૂચનોનાં પ્રતિબિંબો ઝિલાતાં હોય. દૈનિક વાસ્તવિકતાને નજર સામે રાખતાં આ સિવાયની ધારણા બોદી પૂરવાર થતી હતી. મધર યુજીનિયા એક સંવેદનશીલ અને લાગણીપ્રધાન વ્યક્તિ હોવા છતાં, તેઓએ ક્યારેય કોઈનો પક્ષપાત કર્યો ન હતો કે માનવીય ધોરણો અનુસાર કોઈની શેહમાં તણાયાં ન હોતાં. તેઓ તો પોતાના કામની રૂપરેખા જાતે જ તૈયાર કરતાં અને એમની દીર્ઘદષ્ટિને કારણે બીજાઓ તેમના કાર્યને સ્વીકારી લેતા.

૨ - મધર યુજીનિયાને સોંપાયેલ વિશિષ્ટ કાર્યનો હેતુ, ચોક્કસ અને સિદ્ધાંતની દષ્ટિએ જોતાં તદ્દન તાર્કિક તેમજ સમયસરનો છે.

આ ખાસ હેતુ, ધર્મસભાને વિનંતી કરી પરમેશ્વર પિતાના નામનો ખાસ તહેવાર સ્થાપિત કરવો અને એ દ્વારા પરમપિતાની વધુ ઓળખ આપી, એમનાં માન મહિમા વધારવાં. પિતા પ્રભુના માનાર્થે એક વિધિપૂર્વકનો તહેવાર ઉજવાય એ, આમ પણ કેથોલિક ધર્મશ્રદ્ધાને અનુરૂપ છે, એવું તપાસને અંતે માલૂમ પડ્યું છે. ખ્રિસ્તયજ્ઞમાં વિધિપૂર્વકની પ્રાર્થનાપૂજા વખતે પરમેશ્વર પિતાને, એમના પુત્ર દ્વારા, પાવન આત્માની સાથે અપાતો બલિ, ધર્મસભાની પરંપરાગત ધર્મશ્રદ્ધાને અનુરૂપ બાબત છે. આ વિશે થયેલી તપાસનું તારતમ્ય પણ એ જ છે. આમ છતાં રૂઢિગત આ વિધિની વિચિત્રતા તો એ છે કે, પ્રભુપિતાના માનમાં કોઈ વિશિષ્ટ ઉત્સવનું આયોજન થયું નથી. પવિત્ર ત્રૈક્યની સામટી પૂજા થાય છે, શબ્દ ઈસુરૂપે અવતરિત થયા તે અને પાવન આત્મા પણ એમનાં કાર્યો અને વિધિવિધાનો દ્વારા માન, પૂજા પામે છે. એકમાત્ર પરમેશ્વર પિતાના નામે કંઈ વિશિષ્ટ પૂજા પ્રાર્થના નહીં ! આ હકીકત, ખ્રિસ્તી પ્રજાનું ધ્યાન ખેંચે છે. ધર્મજનોના એક વિશાળ પાયાના ઊંડા સર્વેક્ષણથી જાણવા મળ્યું છે કે, ઘણાબધા ખ્રિસ્તીસમાજનાં વર્ગોમાં અને ઘણા પુરોહિતો અને સન્યાસીઓ સુદ્ધામાં પરમ પિતા અજાણ્યા રહ્યા છે, કોઈ એમની પ્રાર્થના કરતું નથી, અરે, કોઈ એમનો વિચાર પણ કરતું નથી. આ તપાસે નવાઈ લાગે એવી બાબત પ્રકાશમાં આણી કે, ખ્રિસ્તીઓનો મોટો સમુદાય પ્રભુપિતાથી છેટો રહે છે. કારણ જાણવા જેવું ખરું : લોકોને મન પરમેશ્વર પિતા તો થથરાવી નાખતા કડક ન્યાયાધિશ છે. અરે ! કેટકેટલા ભક્તો ઈસુને આજીજી કરે છે કે, "તમે અમને પિતાના ક્રોધથી ઉગારો !"

ઈસુપંથીઓની આધ્યાત્મિકતાના પુનઃ સ્થાપન માટે આ પ્રકારનો તહેવાર અસરકારક પુરવાર થશે, ઉપરાંત, આપણા તારનારની સૂચના અનુસાર આ રીતે માણસોને પ્રભુપિતા તરફ વાળી શકાય, "તમે જે કંઈ મારે નામે પિતા પાસે માગશો.....," તદ્‌ઉપરાંત "તમે આમ પ્રાર્થના કરશોઃ હે અમારા બાપ....."

ઈશ્વરપિતાને સમર્પિત વિધિવત તહેવારને લીધે સંત જેમ્સ જેમને "સર્વ ઉપકારો વરસાવનારા પરમ પિતા" કહે છે એમની તરફ આપણી આંખો ઊંચી થાય છે. ઈશ્વરની ભલમનસાઈ અને પિતાના ભર્યા ભંડારોથી આત્માઓ પરિચિત થાય, તેમને ખબર પડે કે બધી કૃપાઓના સ્રોત, સાચે જ પવિત્ર ત્રૈક્ય છે. પવિત્ર ત્રૈક્યના એકેએક જણના દૈવીપણાને કારણે જ ઈશ્વર આ દુનિયા પર અખૂટ કરુણાનો અકથનીય ખજાનો વહાવે છે.

પ્રથમ દૃષ્ટિએ જોતાં એમ લાગે પણ ખરું કે, પ્રભુ પિતાને વળી વિશેષ માન આપવાની જરૂર ક્યાં છે ? પરંતુ આ પૃથ્વી પર પોતાના પુત્રને મોકલનાર એમના પિતા નહોતા ? જો તેમના પુત્ર અને પવિત્ર આત્માને એમના પ્રક્ટીકરણને પ્રતાપે યથાયોગ્ય માન મળતું હોય તો પછી પવિત્ર ખ્રિસ્તયજ્ઞની શરૂઆતમાં, આપણને પોતાના પુત્રની ભેટ ધરનાર પરમ પિતાનો આભાર વ્યક્ત કરીએ તે ઉપયુક્ત નથી ?

આ વિશિષ્ટ તહેવારનો હેતુ સાવ સીધો સાદો છે : પોતાના પુત્રનું પ્રદાન કરનાર પિતાને બહુમાન આપવું, એમનો આભાર માનવો, એમની સ્તુતિ કરવી. દૂતવંદનાના સંદેશામાં જણાવ્યા પ્રમાણે શબ્દએ દેહધારણ કર્યો. ટૂંકમાં ઈશ્વરે જગતને એટલો બધો પ્રેમ કર્યો કે, એમના એકના એક પુત્રને ધરી દીધો. આને લીધે જ સૌ માનવો ખ્રિસ્તના માર્મિક શરીરમાં સ્થાન લઈ શકે છે અને ખ્રિસ્તની સાથે પિતાનાં સંતાન બની શકે છે.

જ્યારે દુનિયા ભૌતિકવાદ અને નાસ્તિકતાની ગર્તામાં સપડાઈ ચૂકી છે અને ઈશ્વરની પહેચાન કરવા સુદ્ધાંની ના ભણે છે ત્યારે પરમપિતાની કરુણા અને ભલમનસાઈ જગજાહેર કરી, ખ્રિસ્તે આપણી સમક્ષ ખુલ્લી કરી છે એ પિતાની જાણકારી ઉપકારક નહીં બને ?

ઈસુખ્રિસ્તે જાતે ભલામણ કરી છે એ પિતાનું જ્ઞાન પિતાને તત્ત્વતઃ અને સત્યસ્વરૂપે માનતા લોકોમાં નહીં વધે ? આજે, જ્યારે વિશ્વ દારુણ યુદ્ધમાં હોમાઈ રહ્યું છે, જ્યારે વિશ્વ લોકોને સાંકળતા અને એક કરતા નક્કર સિદ્ધાંતની ખોજમાં છે, ત્યારે આ સિદ્ધાંત ખાસ્સો પ્રકાશ પાથરશે. આ દ્વારા લોકો શીખશે કે, સૌના પિતા એક જ છે, જેમણે માનવોને ઈસુની ભેટ ધરી અને ઈસુ જ સૌને પોતાના માર્મિક શરીરમાં સ્થાન આપી, પ્રેમના પાવન આત્મા મારફતે પિતા ભણી દોરી જાય છે. જ્યારે કંઈ કેટલાય આત્માઓ યુદ્ધની યાતનાઓમાં ધરબાઈ જાય છે ત્યારે તેમની આધ્યાત્મિક ભૂખ ઊઘડે છે. આવો તહેવાર એમના માંહ્યલાને વાચા આપે છે. આથી જીવનના એકમાત્ર સ્રોત એવા પિતાને આત્મસમર્પણ કરવા માનવબાળો સજ્જ બને છે, ઈશ્વરીય ઈચ્છાને આધિન બની, શ્રદ્ધાપૂર્વક જીવવાને આ બાળકો, અદ્‌ભુત જીવન માટે માનવ પ્રકૃતિથી પણ પર જાય છે !

ધર્મસભા આ ખાસ તહેવાર વિશે વિચારે છે, એનાથી અલગ બીજો પ્રશ્ન પણ ઉદ્‌ભવે છે, એ સિદ્ધાંતની બાબત. કેટલાક પ્રખ્યાત ધર્મવિદોનું માનવું છે કે, આત્માઓનો પવિત્ર ત્રૈક્ય સાથેનો સંબંધ ઊંડી તપાસ માગી લે છે. પિતા અને પુત્રના ઐક્યનું જીવન આત્માઓને પ્રોત્સાહિત કરે છે - સંત જોન પણ ઈસુના જીવનની ભાગીદારી બાબતે પિતાના પુત્ર માટેના ગાઢ પ્રેમની વાત કરે છે.

ધર્મવિદ્યાના સિદ્ધાંતોને એક ઓર રાખીએ, તો પણ મારે જે બાબત પર ભાર મૂકવો છે એ, એક લાચાર યુવાન સ્ત્રી, જેને ધર્મવિદ્યાનો કક્કોય આવડતો નથી જાહેર કરે છે કે, મને ઈશ્વર તરફથી સંદેશા પ્રાપ્ત થાય છે, અને સંદેશા પણ ધર્મસિદ્ધાંતોની દૃષ્ટિએ પાછા સમૃદ્ધ !

તરંગી કક્ષાની વ્યક્તિનું દર્શન કાલ્પનિક, ક્ષુલ્લક, શુષ્ક અને અસ્થિર રહેવાનું. મધર કહે છે કે, જે સંદેશ મને મળ્યો છે, એ ફળદાયી છે. બે ભિન્ન બાબતોની પારસ્પરિક સંવાદી અસર થાય એ જ એની વિશ્વસનીયતા બતાવે છે. એક બાજુ, આ બધું જ શુભ સંદેશમાં છે, ઈસુએ પોતાના પિતા બાબતે જે કંઈ કહ્યું એનું જ અહીં અક્ષરશઃ રટણ છે, કોઈ પણ જાતની નવિન સજાવટ વિના, આ બધું પરંપરાગત રીતે ધર્મસભાએ પ્રસ્થાપિત કરેલ છે, તો બીજી બાજુ, પરમેશ્વર પિતા વિશેનું મહાન સત્ય પુનઃવિચારણા, ઊંડો અભ્યાસ અને અનુભવ માગી લે છે.

સંદેશાનું ઊંડાણ અને એનો પ્રકાર જોઈ, એને ઝીલનાર પાત્રની મર્યાદા જોતાં - બે બાબતો વચ્ચેની અસમતુલા દ્વારા પ્રશ્ન થાય છેઃ શું પ્રકૃતિથી પર એવી કોઈ ઉચ્ચ બાબત સિસ્ટરના સંદેશામાં સ્ફૂટ થાય છે ?

જે મારી સમજમાં ઊતરતું નથી, એને કેવી રીતે માનવીય સમજમાં ગોઠવાય ? એક સાધ્વીબાઈનો મૌલિક વિચાર અને એમાંથી નવિનતા પેદા કરવાની શક્તિમાં ધર્મવિદ્દોને, તપાસ કર્યા બાદ કંઈક સૂઝ પડે છે ખરી !

એક બીજી હકીકત પણ મને ખાસ્સી મહત્ત્વની લાગે છે : જ્યારે મધરે જાહેર કર્યું કે મને પ્રભુપિતાની ઝાંખી થઈ છે, ત્યારે ધર્મવિદ્યાના ધૂરંધરોએ જાહેર કર્યું કે, પરમેશ્વર પિતાની ઝાંખી થવી અશક્ય બાબત છે, ઈતિહાસમાં ક્યારેય એવું બન્યું નથી. ભારે વિરોધ વંટોળ વચ્ચે પણ તેમણે આટલું જાહેર કર્યું, પરમેશ્વર પિતાએ તો મેં જે કંઈ નિહાળ્યું એનું વર્ણન કરવાનું સૂચવે છે. કોઈપણ હિસાબે સાધ્વીબહેને મચક ન આપી. છેક ૧૯૩૪ના જાન્યુઆરીમાં ધર્મવિદોએ સંત થોમસ આક્વિનામાંથી ઉત્તર મેળવી લીધો.

ધર્મસભાના એક ધૂરંધર ગણાતા શાસ્ત્રીએ 'ઝાંખી' કે 'ઓળો' અને 'મિશન' વચ્ચે ભેદરેખા આંકી બતાવી અને આ તપાસમાં પડતી આંટી ઊકલી ગઈ, ખરે, શાસ્ત્રીઓની સામે ભણતર - ગણતરમાં નહીંવત્ એવી સાધ્વી મેદાન મારી ગઈ ! આ કેવી રીતે બન્યું ? એક લાચાર સાધ્વીની સૂક્ષ્મ દૃષ્ટિ અને ધીરજ કેવી રીતે મેદાન મારી ગઈ ? એની જગાએ કોઈ બની બેઠેલી દૃષ્ટા તો ધર્મશાસ્ત્રીઓ સામે વાદમાં આવી ગઈ હોત ! આથી મધરનો પુરાવો વિશ્વસનીય બની રહે છે.

કોઈપણ હિસાબે, બનાવના ચમત્કારી હિસ્સા બાબતે તેમણે દાખવેલી સાવધાનીની નોંધ લેવા માગું છું. અન્ય બનાવટી દૃષ્ટા જેને માટે ફૂલીને ફાળકો બની જાય એ ચમત્કારી પાસાને મધર માત્ર એક પુરાવારૂપે જ ગણે છે. આવી સ્થિતિને એક અભિમાન કે મહિમા વધારવાની ન ગણતાં ફક્ત મૂલ્યોની સમતુલા જાળવવાની ગણે છે. આથી તપાસની સાનુકૂળ અસર વર્તાય છે.

હું તો ધર્મવિદ્યાના શાસ્ત્રીઓએ કરેલી તપાસ વિશે વાત કરું છું. પૂજ્ય ધર્મગુરુઓ - ફા. આલ્બર્ટ અને અગસ્ટીન વેલેન્સિન - આધ્યાત્મિક જીવનનાં જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ધર્મવિદ્યામાં નિષ્ણાત છે. આ પ્રકારની અન્ય તપાસમાં એમની દરમ્યાનગીરી જરૂરી હતી. અમે જાણીએ છીએ કે તેઓ અત્રે ભારે સાવધાનીથી વર્ત્યા હતા એમની પસંદગી એટલા માટે જ થઈ હતી ! અમે એમની સન્નિષ્ઠતા અને સતત સહકાર માટે ઋણી છીએ. મધર યુજીનિયાની તરફેણમાં એમણે આપેલો પુરાવો તથા આધ્યાત્મિક બાબતે એમણે આપેલી



સમજૂતી નોંધનીય છે. તેમણે નિર્ણય આપવામાં ખાસ્સો એવો સમય લીધો કારણ શરૂઆતમાં તેઓ મંદગતિથી કામ કરતા હતા તથા વિરોધી અને સંશયી વલણના હતા. મધરની કપરી કસોટી કર્યા બાદ અને વાંધાવચકાઓ ઉકેલ્યા બાદ જ હકીકત તેમને ગળે ઊતરી !

**ઉપસંહાર**

મારા આત્મા અને મારા અંતરાત્માથી દોરાઈ, ધર્મસંઘ પરત્વેની મારી જવાબદારીના તીવ્ર ભાન સાથે હું જાહેર કરું છું કે, ઉપરોક્ત હકીકતનો ખુલાસો સંતોષજનક છે અને તાર્કિક છે, તેમજ આ હકીકત પારલૌકિક અને દૈવી હોય એવું લાગે છે.

આસપાસની અન્ય વિગતોથી આ બાબતને અલગ તારવી લેતાં આ હકીકત મને ઉમદા, ઉત્કૃષ્ટ અને આધ્યાત્મિક રીતે સમૃદ્ધ લાગે છે. એક સાલસ સાધ્વીબહેન, ખ્રિસ્તના શિક્ષણને અનુરૂપ અને ધર્મસભા દ્વારા વિધિમાં સ્થાપિત હોય એવા ઈશ્વરપિતા પ્રત્યેના અહોભાવ તરફ આત્માઓને દોરી જાય છે. આમાં જોખમ જેવું કશું નથી. ઊલટું નક્કર સિદ્ધાંતના પાયા પર સ્થિત સાદું સત્ય જ રહેલ છે.

ચમત્કારિક વિગતોને સંદેશાથી અલગ પાડી શકાય એમ છે. આમ છતાં એનું મૂલ્ય ઘટશે નહીં, જ્યારે સિદ્ધાંતને મુદ્દે ધર્મસભા જાતે જ નક્કી કરશે કે, આગવા તહેવાર બાબતે આ સિસ્ટરને સાંકળવા કે કેમ ?

મારું તો માનવું છે કે જે સિસ્ટરના નસીબમાં આ પાવન સિદ્ધાંતની યાદ અપાવવાનું નિર્માણ થયું છે, એમણે આ સિદ્ધાંતની અસલિયતનો પુરાવો પોતાના જીવનમાં મૂકી બતાવવાનો છે.

મારા મંતવ્ય અનુસાર, સિસ્ટરને એમના કાર્ય માટે છૂટો દોર મળવો જોઈએ. મને શ્રદ્ધા છે કે, આમાં ઈશ્વરનો હાથ છે. દસ વર્ષના ઊંડા સંશોધન, ધ્યાન અને પ્રાર્થના બાદ, મારા ધર્મપ્રાંતને પરમેશ્વર પિતાએ પ્રેમના ભાવભીના નિદર્શન માટે પસંદ કર્યો માટે તેમને ધન્યતા બક્ષું છું !

**† એલેકઝાન્ડર કેલ્લોટ**
*ગ્રેનોબલના ધર્માધ્યક્ષ*

# પરમેશ્વર પિતાનો સંદેશો

## ભાગ ૧લો

## જુલાઈ ૧લી, ૧૯૩૨. ઈસુના અમૂલ્ય રુધિરનો તહેવાર

આ એ જ દિન, જેને સ્વર્ગીય પિતાએ શરૂઆતથી જ પાવન કર્યો હતો !

આજે દિવસોના દિવસોની તૈયારી પૂરી થઈ ગઈ. આજે હું બધા માણસોના પિતાની તદ્દન પાસે પહોંચી ગઈ હોઉં એમ લાગે છે.

થોડી ક્ષણોની પ્રાર્થના, ત્યારપછી આધ્યાત્મિક આનંદનો ધોધ ! હું તો બસ એમને જોવા અને સાંભળવાની ઈચ્છાથી દિઙ્મૂઢ બની ગઈ હતી !

મારું હૃદય, પ્રેમથી સળગી રહ્યું હતું, એ ગજબના વિશ્વાસ સાથે એવું તો ખૂલી ગયું - મને લાગ્યું આવો વિશ્વાસ પહેલાં ક્યારેય, કોઈના પર મને બેઠો નથી.

મારા પિતાના વિચાર માત્રથી હું આનંદથી ઘેલી જ બની ગઈ !

છેવટે, સંગીતના સૂરો સંભળાયા. દેવદૂતો એમના આગમનની છડી પોકારવા આવી પહોંચ્યા ! તેમનાં ગીતો એટલાં તો મધુર લાગ્યાં કે, જેમ બને તેમ જલદી મેં એને ઉતારી લેવાનું નક્કી કર્યું.

આ સ્વરમાધુર્ય સમાપ્ત થતાં જ, પસંદ થયેલા, દેવદૂતો ખેરુબીમ તથા સેરાફીમ સાથે આપણા સર્જનહાર પ્રભુપિતાનું સરઘસ નીકળ્યું.

ભૂમિ પર દંડવત્ પ્રણામ કરતાં હું જાણે મારી શૂન્યતામાં સરી પડી ! મેં લાગલું જ - "પ્રભુ મહિમાના ગાને મારું અંતર છે રમમાણ" - ગાવા માંડ્યું ત્યારપછી તરત પ્રભુપિતાએ મને એમની નજીક બેસીને, માણસોને એમણે જે કહેવા ધાર્યું હતું એ બધું લખવા કહ્યું.



એમની સાથે પધારેલો સ્વર્ગીય દરબાર અદશ્ય થઈ ગયો, માત્ર પ્રભુપિતા મારી સાથે રહ્યા, બેસતાં પહેલાં તેમણે કહ્યું :

મેં તને, પહેલાંય કહ્યું છે અને હવે ફરીથી પણ કહું છું: હું મારો માણસો પ્રત્યેનો પ્રેમ પૂરવાર કરવા, મારો પ્રિય પુત્ર બીજી વાર આપી નહીં શકું. માણસોને ચાહવા માટે હવે હું એમની વચ્ચે આવું છું. હું એમના જેવી ગરીબી, એમની જ પ્રતિમા ઓઢી લઉં છું. હવે, એક સામાન્ય માનવીનો દિદાર ધારણ કરી મારો તાજ અને સર્વસ્વ, મારું સર્વોત્કૃષ્ટ ગૌરવ બાજુએ રાખી દઉં છું.

એમણે પોતાનો સરતાજ અને મહિમા જાણે કે પાંગતે મૂકી પોતે, એક સામાન્ય માનવીનો સ્વાંગ સજ્યો તથા તેમણે પૃથ્વીનો ગોળો ડાબા હાથના ટેકાથી ધારણ કરી તેને હૃદય સાથે ચાંપ્યો, પછી તેઓ મારી પાસે બેઠા.

તેમનાં પ્રેમ અને આગમન વિશે તેમજ તેમના દિદાર બાબતે તેમણે મારી ઉપર જે મહેરબાની કરી હતી, એ દર્શાવવા માટે મારી પાસે શબ્દો નથી ! તેમણે મારી સમક્ષ જે કંઈ પ્રકટ કર્યું એ દર્શાવવા, મારી મર્યાદાને કારણે શબ્દો જડતા નથી !

તેઓ બોલ્યા, 'શાંતિ અને મુક્તિ, આ ઘર અને દુનિયામાં' ! મારો પ્રેમ અને મારો પાવન આત્મા માનવોના હૃદયને સ્પર્શે તેમજ માનવજાતને બચાવવા મારી પાસે લાવવા ઈચ્છે છે એટલે તેઓ મુક્તિપંથ બાજુ વળે.

મારા કાર્યની ધૂરા સંભાળનારા પિયૂષ ૧૧માં જાણે છે કે, આ દિવસો આશિષ અને મુક્તિના છે. પરમ પિતા પોતાનાં બાળકોને આ જીવનમાં સહાય કરી, સાર્વકાળિક સુખ માટે તૈયાર કરી રહ્યા છે, પોતાના તરફ દોરી લાવવાની તક તેઓ ન ચૂકે.

આજના દિને મેં માણસોમાં મારું કાર્ય શરૂ કરવાનું પસંદ કર્યું છે, કારણ આજે મારા પુત્ર ઈસુના અમૂલ્ય રુધિરનો તહેવાર છે. આ કાર્યની શુભ શરૂઆતને માટે એમને આ લોહીમાં પાવન કરવા માગું છું, એથી સમગ્ર માનવજાતને ઉત્તમ ફળ પ્રાપ્ત થાય.

મારા આગમન બાબતેનો ખરો હેતુઃ ૧. મારે બતાવવું છે કે, વર્તમાન અને ભવિષ્યની આખી માનવજાત-મારાં સંતાનોને ચાહવામાં અને મારી જાતનો

તેમને પરિચય આપવામાં જ મારો આનંદ સમાયેલ છે. મારા માટેનો ભય કાઢી નાખવા હું આવી રહ્યો છું.

૨. હું દેશો અને રાષ્ટ્રો વચ્ચે આશાનાં કિરણો લઈને આવું છું. અત્યાર સુધી મેં કેટકેટલાને ગુમાવી દીધા ? આશાને લીધે માનવો શાંતિ અને સલામતિમાં જીવન ગુજારી શકશે અને પોતાની મુક્તિ માટે તૈયાર થશે.

૩. હું મારાં બાળકોને પિતા તરીકે પરિચય આપવા માગું છું, તેથી એમનામાં પ્રેમની સાથે વિશ્વાસ પણ વધે. મારી અભિલાષા - એક જ, હું બધા માણસોની સંભાળ લઉં, સૌને મારાં સંતાનની જેમ ચાહું.

ચિત્રકાર પોતે દોરેલા ચિત્રનું ચિંતન કરતાં આનંદ પામે છે તેમ મારા ઉત્કૃષ્ટ સર્જન માનવ મધ્યે હું ખુશખુશાલ બની જાઉં છું !

સમય વહી જાય છે, હું ઝંખું છું કે, જેમ બને તેમ જલદી માણસો જાણી લે કે હું તેમને ચાહું છું અને એક પ્રેમાળ પિતા તરીકે મને મારાં બાળકો સાથે રહેવામાં ભારે ખુશી ઊપજે છે.

હું સાર્વકાળિક છું અને જ્યારે હું એકલો હતો ત્યારે જ મારી પ્રતિમા અનુસાર, મારી સમગ્ર શક્તિનો ઉપયોગ કરી સર્જન કરવાનું નિર્ધાર્યુંઃ પ્રથમ ક્રમ મળ્યો, ભૌતિક વસ્તુઓને એ વિના પાછળના સર્જનને ટકાવવું શી રીતે ? એટલેસ્તો દુનિયા અંતે સર્જાઈ અને જીવન માટે જરૂરી તત્ત્વો - પ્રકાશ, પાણી, હવા વગેરે શરૂઆતમાં.

આ બધાને અંતે બન્યો માનવી ! મારા આ સર્જનથી-કૃતિથી મને સંતોષ વળ્યો. માણસ પાપમાં પડે છે, ત્યારેસ્તો એને મારી અનંતદયાનાં દર્શન થાય છે !

જૂના કરારના સમયે મેં માણસો મધ્યે રહેવા માટે ભવિષ્યવાદીઓ તૈયાર કર્યા, તેઓનો માણસો સાથેનો સંવાદ જારી રહે માટે મેં મારી ઈચ્છાઓ, યાતનાઓ, ખુશીઓ તેમની સામે ખુલ્લી મૂકી દીધી.

જેઓ અવ્યવસ્થા પેદા કરતા હોય એવા લોકોને મારો આદેશ પહોંચાડવા મારી ભલાઈ, ભલા માણસો દ્વારા કાર્યરત બને છે, એ બુરાઈ જેમ વધે તેમ વધુ કાર્યરત બને છે. કૃતઘ્ની વ્યક્તિઓ, એમના પિતાજીને - સર્જનહારને અવગણે ત્યારે, એમના અવગુણોને ડામવા, અને સીધા કરવા કડકાઈ કરું છું,



એમને હેરાન કરવા એવું કંઈ કરતો નથી. એમને પરિશુદ્ધ કરવા એમના પર યાતનાના ઓળા ઉતરવા દઉં છું, મોત કે મિલકતની નુકસાનીમાં ઉતારું છું, યુદ્ધના ઓળા મહાપૂર કે સદોમ-ગમોરાનો વિનાશ થવા દઉં છું.

મને માનવો મધ્યે વસવું પસંદ પડે છે. આથી મહાપ્રલયટાણે તત્કાલીન એક માત્ર ન્યાયી પુરુષ નૂહાની પડખે હું હતો. બીજી આપત્તિઓ વેળા પણ મારો મુકામ ન્યાયીઓ સાથે રહ્યો - અને આજ સિલસિલો હરહંમેશને માટે ચાલતો આવ્યો છે.

માનવ પ્રત્યેની આવી અસીમ ઉદારતાને લીધે જ, હું અવારનવાર દુનિયાને ઉગારતો આવ્યો છું. મારું સર્જન એવા માનવી પર મારી પ્રસન્નતા બતાવવા હું અમુક આત્માઓ પર મારી પસંદગી ઉતારું છું.

મેં દુનિયાને એક મસીહાનું વચન આપ્યું હતું, એમના આગમન પહેલાં હજારો વર્ષથી એંધાણીઓ મેં જ બતાવી હતી. આ મસીહા વળી કોણ ? એ ક્યાંથી આવ્યા ? કોના તરફથી આવ્યા ? તો-જાણી લો કે, મસીહા એ પોતે ઈશ્વર છે.

ઈશ્વર કોણ ? પિતા, પુત્ર અને પવિત્ર આત્મા ઈશ્વર છે.

ઈસુ ક્યાંથી પધારે છે ? અથવા કોના આદેશથી તેઓ માનવમધ્યે આવ્યા ? - હું પરમેશ્વર પિતા જ આ સર્વના કારણરૂપ છું. દુનિયામાં તેઓ કોનું પ્રતિનિધિત્વ કરે છે ? તેઓ પિતા પરમેશ્વરનું પ્રતિનિધિત્વ કરે છે.

એમનો પૃથ્વી પરનો ઉદ્દેશ ? તેઓ, પ્રભુપિતાનો પરિચય કરાવવા, એમના તરફ પ્રેમ જગાડવા આવ્યા.

ઈસુએ કહ્યુંઃ મારે મારા પિતાનું કામ કરવાનું છે, શું તમે એ નથી જાણતા ? (લૂક, ૨.૪૯)

હું માત્ર મારા પિતાની ઈચ્છા પૂર્ણ કરવા આવ્યો છું.

તમે, જે કંઈ મારા નામે પિતાની પાસે માંગશો એ બધું તે તમને આપશે.

તમે તેમની આ પ્રમાણે પ્રાર્થના કરજો. 'હે અમારા બાપ, તું સ્વર્ગમાં છે.' - ઉપરાંત અન્યત્ર તેઓ કહે છે, હું પિતાનો મહિમા કરવા અને એમનો પરિચય આપવા આવ્યો છું. તેઓ કહે છેઃ

"જે કોઈ મને જુએ છે, તેઓ પિતાનાં દર્શન કરે છે." (જોન ૧૪-૯)

"જે કોઈ મારી સાથે છે તેઓ, પિતા સંગાથે પણ છે." વગેરે.......

તેથી, ઓ માનવો, થોડું સમજો, છેક અનંતકાળથી મારી એ જ ઈચ્છા રહી છે કે, માણસો મને જાણે અને ચાહે, હંમેશાંને માટે માનવો સાથે રહેવાની મારી ઈચ્છા છે.

હમણા જ મેં જે વિગતો રજૂ કરી તેના માન્ય પુરાવા તમારે જોઈએ છે ?

શા માટે મેં મોશેને મારું નિવાસસ્થાન અને કરારની મંજૂષા બનાવવાની આજ્ઞા કરી — જો મારે મારું સર્જન-માનવ સાથે, એક ભાઈ સાથે, એક દિલોજાન દોસ્ત તરીકે રહેવું ન હોત તો ? એ તો મારા દિલની ઉત્કંઠા હતી. આટઆટલું કરવા છતાં માનવે તો અગણિત પાપો વડે મને દુભવ્યો, મને વિસરી ગયો. આટલું થવા છતાં એક પિતા તરીકે માનવોને બચાવવાની એક માત્ર ઈચ્છાથી તેમને યાદ અપાવવા મેં મોશેને આજ્ઞાઓ આપી. આ આજ્ઞાઓ અપનાવીને તેમણે એમની વર્તમાન અને સાર્વકાળિક મુક્તિ વાંછતા ભલાઈના ભંડાર સમા પિતાને યાદ કરવાના હતા.

મેં આપેલા મોશેના આદેશોનું પાલન એમને કપરું લાગવા માંડ્યું. અંતે બધું વિસરાઈ જતાં માનવ પાપના ખાડાને તળિયે ડૂબી ભયનો માર્યો થરથરવા લાગ્યો. ધીમે ધીમે એણે પોતાના તરંગો પ્રમાણે સહેલાયથી પાળી શકાય એવા આગવા નીતિનિયમો ઉપજાવી કાઢ્યા અને ડરના માર્યા મને ડરનો અવતાર માની અપમાનોની પરંપરા સર્જી.

આમ છતાં મારાં સંતાન માટેનો મારો સ્નેહભાવ લગીરેય ન ઘટ્યો. જ્યારે મેં જોયું કે, ધર્મવડીલો કે પયંગબરો મારો પરિચય આપી માનવોમાં મારે માટે પ્રેમાદર પેદા કરવામાં ઊણા ઊતર્યા છે ત્યારે મેં જાતે અવતરવાનું નક્કી કર્યું.

માનવો મધ્યે હું કંઈ રીતે આવું ? પવિત્ર ત્રૈક્યના બીજા જણ તરીકે આવવાનો રસ્તો હતો. માણસો એ રીતે મને ઓળખશે ? તેઓ મારું કહ્યું કાને ધરશે ?

ભવિષ્યમાં બનનાર બનાવોથી અજાણ તો હું હતો નહીં, મેં જાતે જ બે સવાલોના ઉત્તરો આપી દીધા.



મારી સાથે હોવા છતાં મારી હાજરીની તો તેઓ ઉપેક્ષા જ કરવાના. મારા પુત્રે તેમનું આટઆટલું ભલું કર્યું હોવા છતાં મારા પુત્રમાં રહેલા મને આ લોકો કેવી ક્રૂર રીતે રિબાવવાના હતા ? મારા પુત્રમાં વસતા મારા વિશે તેઓ બેહૂદું બોલવાના, મારું મોત નિપજાવવા તેઓ મને ક્રૂસ પર જડી દેવાના હતા ?

આ બધાને કારણે મારા સદ્‌ભાવનું પૂર્ણવિરામ આવી જાય શું ? વત્સો, આ માનવો પ્રત્યેનો મારો પ્રેમ તો અસીમ છે.

હું માત્ર આટલેથી થોભ્યો નહીં, જરા સમજો, મેં મારી જાત કે મારા પ્રિયતમ પુત્ર કરતાં પણ તમને વધારે ચાહ્યા છે.

તમને જણાવી રહ્યો છું એ બધું એટલું બધું નક્કર સત્ય છે કે, મારા પેદા કરેલા માનવોમાંથી કોઈ એકના પાપનો બદલો આપવા માટે જાનની બાજી ખેલવાની હોત તો પણ મેં હિચકિચાટ ન અનુભવ્યો હોત - કારણ એટલું જ, કે - મારા પેદા કરેલા સર્જનને પીડા આપવી એના કરતાં તો મારા પ્રિયતમપુત્રમાં હું પોતે પિડાઉં એ મને બહેતર લાગે ! મારું સર્જન પીડાય એવું હું તો ક્યારેય ન ઈચ્છું !

આ થઈ મારા પુત્રના આગમન પહેલાંની મારી પ્રેમ કહાણી.

ઘણા બધા માણસોને આ બધા બનાવોની ખબર છે પણ પ્રેમ આ બધામાં કેન્દ્ર સ્થાને છે એ જરૂરી બાબતનું વિસ્મરણ થાય છે. મારે તમારા સૌના મનમાં ઠસાવવું છે તે એ જ છે - પ્રેમ જ આ બધાના કેન્દ્રમાં છે - હવે તો આ પ્રેમ વિસરી જવાયો છે. હું એની તમને યાદ અપાવવા માગું છું. તમે મારી રસલિયત જાણી લો. તમને આટલું ચાહતા પિતાથી તમે ગુલામની જેમ ન ડરો.

આ વાત થઈ - પ્રથમ સદીના પ્રથમ દિવસની ! મારે તમને વર્તમાનયુગમાં, વીસમી સદીમાં દોરી લાવવા છે.

અરે, મારા પિતા તરીકેના પ્રેમને તમે આવી રીતે વિસરાવી દીધો, અને હું તો તમને કેટલા ભાવથી ચાહી રહ્યો હતો ! મારા પુત્રના અવતારમાં માનવ તરીકે રહેલા આ વ્યક્તિત્વમાં મેં શું શું નથી કર્યું ? માનવતાની આડમાં દિવ્યતા છુપાઈ ગઈ, સંકોચાઈ ગઈ, શક્તિહિન અને નગણ્ય બની ગઈ. મારા પુત્ર ઈસુની જોડે મેં બલિદાનપૂર્ણ અને કાર્યરત જીવન ગુજાર્યું ન્યાયનો રસ્તો માનવ

માટે સરળ બની શકે અને મને સલામત રીતે પહોંચી શકે માટે માનવોની પ્રાર્થના મને સંભળાઈ !

મારાં બાળકોની નબળાઈનો અંદાજ તો મને છે જ, પડ્યા પછી ઊઠવાના રસ્તા મારા પુત્રે બતાવ્યા છે. આ રસ્તાને અનુસરી તેઓ ફરી મારાં પ્રેમાળ સંતાન બની શકે છે. સાત સંસ્કારનો આ રાજમાર્ગ છે. ખ્રિસ્તયજ્ઞ અને પ્રાયશ્ચિત સંસ્કાર દ્વારા દરેક પળે મારા પુત્રનું રુધિર તેમના માટે વહે છે.

મારાં પ્રિય સંતાનો, વીસવીસ સદીઓ સુધી તેમના માટે આ ભેટો મેં લૂંટાવી છે એનો કેવો કરુણ અંજામ !

આ મારું સર્જન, જેને મારા પુત્રે સંતાનનો દરજ્જો આપ્યો, એ કેટલી ઝડપથી નરકની જ્વાળામાં લપેટાઈ જાય છે ! મારી અપરંપાર ભલાઈનો એમને અંદાજ પણ નથી કે, હું એમને ખૂબખૂબ ચાહું છું !

શું એ શક્ય છે કે, તમે જ્યારે મને પિતાના નામે સંબોધો અને મારા પ્રત્યે તમારો પ્રેમભાવ દર્શાવો ત્યારે હું લાગણી શૂન્ય બની તમને નાશ પામવા દઉં ? ના, ના, આવું સ્વપ્રેય ના ધારતા ! સર્વ પિતાઓમાં હું શિરોમણી છું ! મારા સર્જનની મર્યાદાથી હું વાકેફ છું ! મારી પાસે આવો, વિશ્વાસ અને પ્રેમપૂર્વક મારી નજીક ચાલ્યા આવો. એકવાર તમને પસ્તાવો થયો એટલે હું માફી બક્ષુ છું. તમારાં પાપ કાદવ જેવાં મલીન હોય તોય, તમે મારી પર ભરોસો રાખો, પ્રેમ રાખો હું બધું જ વિસરી જઈશ. તમારો ન્યાય નહીં તોળાય ! હું ન્યાયી તો ખરો પણ પ્રેમની ન્યાય આગળ કંઈ વિસાત ખરી ?

તો હવે મારાં બાળકો, સાંભળો, એક ઉદાહરણ આપી મારા પ્રેમની સાબિતી આપું મારા મનસર તમારાં પાપો એટલે લોખંડ છે, તમારો પ્રેમ સોનુ. એક હજાર કિલોગ્રામ લોખંડની સામે એક કિલોગ્રામ સોનુ મૂકો તો ! ક્યાં લોખંડ ને ક્યાં સોનુ ! બીજા શબ્દોમાં કહું તો, પ્રેમની ચિનગારી, પાપનો આખો ઉકરડો ભસ્મ કરી નાખે છે !

માનવજાતનાં મારા સંતાનો માટેની તો આ ઉપરછલ્લી જ વાત થઈ, એમાં અપવાદ જેવું ન મળે. મારી નજીક આવો. હું તમારી પાસે જ છું તમે મને ચાહો અને માન આપો એટલે તમારો ન્યાય નહીં તોળાય અને ન્યાય તોળાય તોય એ અસીમ દયાળુ અને પ્રેમાળ પિતાનો ન્યાય હશે.



શંકા ના સેવશો, જો મારું હૃદય આવું ન હોત તો દુનિયામાં પાપ થતાં જ પાપીનો મેં નાશ કરી નાખ્યો હોત ! પરંતુ તમે જોયું છે તેમ હરપળે, પ્રત્યેક સમયે તમારી ઉપર મારી કૃપાની છત્રછાયા હોય છે. આ પિતા સર્વ પિતાઓની ઉપર વિરાજે છે, તે તમને ચાહે છે. તમે સહકાર આપો ત્યાં સુધી એની ચાહના વિરમવાની નથી આટલું સમજી લેજો.

તમારી મધ્યે આવવાના મારે બે રસ્તાઃ ક્રૂસ અને ખ્રિસ્તપ્રસાદ.

મેં ક્રૂસ દ્વારા જ તમારી મુક્તિનાં દ્વાર ખુલ્લાં કરવા મારા પુત્રને મોકલ્યો, એ દ્વારા હું મારાં બાળકો પાસે આવું છું.

તમે ક્રૂસ દ્વારા મારા પુત્ર પાસે આવો છો અને મારા પુત્રની મારફતે મારી પાસે આવો છો, એ સિવાય મારી પાસે કેવી રીતે અવાય ? પાપ કરીને માનવે મારાથી વિખૂટા પડવાની સજા વહોરી લીધી હોય પછી શું થાય ?

એક પિતા જેમ પોતાના કુટુંબમાં રહે છે. તેમ હું ખ્રિસ્તપ્રસાદ સંસ્કારમાં રહું છું અને માનવબાળોમાં મારી સમૃદ્ધિ અને પ્રેમ વહાવી શકું, દરેકેદરેક દેવળમાં સંસ્કારરૂપે રહી કૃપાનાં ઝરણાં વહાવી શકું, એટલા જ માટે મેં મારા પુત્ર પાસે આ સંસ્કારની સ્થાપના કરાવી.

તમે સમજ્યા ને કે, આ બે રસ્તા દ્વારા મારી શક્તિ અને અસીમ દયા સતત વહ્યા કરે છે.

હવે તમને સમજાયું હશે કે મારો પુત્ર ઈસુ માણસોમાં મારું પ્રતિનિધિત્વ કરે છે અને એના દ્વારા હું માનવમધ્યે વસું છું. હું તમને એ પણ બતાવવા માગું છું કે, હું તમારી વચ્ચે પાવન આત્મા દ્વારા આવું છું.

પવિત્ર ત્રૈક્યના ત્રીજા જણ પવિત્ર આત્માનું કામ ઘણીવાર માણસોથી અજાણ, શાંતિથી ચાલતું રહે છે, પરંતુ મારા માટે તો દેવળના ખ્રિસ્તપ્રસાદ સંસ્કારમાં જ નહીં પણ કૃપાની સ્થિતિમાં રહેલા સૌના આત્માઓમાં મારું સિંહાસન સ્થાપવું યોગ્ય છે. પાપી કે પવિત્ર બધા માણસો પિતાના હૃદયને જાણે, સમજે અને ચાહે તથા નવાજે એવી અસીમ ઈચ્છાને કેટલા પિછાને છે ? હું સૌથી કઠોર પાપીઓ માટે ભલો અને દયાળુ બની રહું માટે ઉપરોક્ત ત્રણ ભેટો મેળવવા ઈચ્છું છું.

માનવબાળો મને મુક્તિદાતા, સર્જનહાર અને પિતા તરીકે ખાસ આદરભાવ આપે માટે આદમથી માંડી ઈસુના પિતા યોસેફ અને છેક અત્યાર સુધી મેં શું નથી કર્યું ? આમ છતાં જેની મેં આશા રાખી છે, ઈચ્છા રાખી છે એવું ખાસ માન હજી મને મળ્યું નથી !

મહા પ્રસ્થાનના ગ્રંથમાં તમે વાંચ્યું છે કે, ઈશ્વરનું ખાસ સન્માન કરવાનું છે. દાઉદની સ્તોત્ર સંહિતામાં આના પાઠ જોવા મળે છે. મોશેને આપેલા આદેશોમાં આની ઉપર મેં ભાર મૂક્યો છે. તમારે એક જ ઈશ્વરની પૂજા કરવી અને એમના ઉપર પૂર્ણ પ્રેમ કરવો.

તમે જાણી લો કે, ચાહવું અને માન આપવું બે બાબતો સાથે સાથે જાય છે. જ્યારે મેં તમારી ઉપર ઘણા બધા ઉપકારો કર્યા છે ત્યારે મારું માન-સન્માન ખાસ તરીકાથી કરવું જોઈએ !

તમારામાં મેં જ્યારે જીવન મૂક્યું ત્યારે એમાં મારી પ્રતિમા સ્થાપી ! એટલા જ માટે તમારું હૃદય મારા જેવું અને મારું, તમારા જેવું સંવેદનશીલ છે.

તમારા પડોશી તમને ખુશ કરવા તમારી ઉપર નાનામોટા ઉપકાર કરે તો તમે એમને ખુશ કરવા સામે શું કરશો ? કોઈ લાગણીશૂન્ય વ્યક્તિ સુધ્ધાં અત્રે આભારવશ બની જાય ! પ્રાપ્ત સેવાના બદલામાં આપણે બીજાને બને એટલા ખુશ કરીએ. તમે મારી વિનંતી પર લક્ષ આપી મારી ઉપર થોડો ઉપકાર કરો, મને માન આપો એટલે હું તમારો આભાર માનીશ અને તમને અનંતજીવનની બક્ષિસ આપીશ.

હું જાણું છું કે તમે મને મારા પુત્ર દ્વારા આદર આપો છો. એવા પણ ગણ્યા ગાંઠ્યા વીરલા છે, જેઓ પોતાનું સર્વસ્વ મારા પુત્ર દ્વારા મારા ચરણે ધરી દે છે ! જો કે તમે એમ તો ન માની બેસતા કે, મારા પુત્રના સન્માનમાં મને માન નથી મળતું ! મારા પુત્રમાં હું વાસ કરું છું એટલે મને માન તો મળે જ છે. એમના મહિમા અર્થે થતું બધું મારા મહિમા અર્થે જ થાય છે.

આમ છતાં મને એ જોવાનું ગમે કે તમે તમારા પિતા અને સર્જનહારની ખાસ આરાધના કરો. એકને જેટલું સન્માન આપો, બીજાને એટલું જ પ્રાપ્ત થશે. ઈસુ માનવ બનીને અવતર્યા અને માનવોમાં વસ્યા એમનો હેતુ જ મોકલનાર પિતાનો પરિચય કરાવવાનો હતો.



જો તમે મને ઓળખશો તો તમે મને અને મારા પ્રિય પુત્રને વધારે ચાહશો. મુક્તિના મર્મને લઈને સંતાન બનેલી મારી પ્રજા, મારા પુત્ર દ્વારા તૈયાર કરાયેલ હરિયાળી ભૂમિમાં વસતી નથી, અરે, કેટલાયને તો એની કલ્પના સુદ્ધાં નથી. મારા જ સર્જનને તો એના ઘડનારના હાથનોય અણસાર નથી !

અહા ! હું તો તમને જણાવવા ઝંખું છું કે, મારા સર્જનને માટે હું કેવો સર્વશક્તિમાન પિતા છું ! હું તો સૌનું કલ્યાણ તાકું છું. મારા નિયમો તમારા જીવનને હર્યું ભર્યું બનાવી શકે એમ છે ! તમે મારા નામને ખાતર આવા અજાણ્યા લોકો આગળ મારે વિશે કહો, આપણે એક પાવન પિતા છે અને તે એમના ભર્યા ભંડારમાંથી સૌને આપવા માગે છે ખાસ તો એ કહેજો કે, આપણે તેમના મનમાં વસેલાં છીએ. તે આપણને ચાહે છે અને આપણને સાર્વકાળિક સુખ આપવા માગે છે. સાચે જ, હું તમને વચન આપું છું કે, માનવોનું હૃદયપરિવર્તન ઝડપથી થશે.

તમે માનજો કે, ધર્મસભાની શરૂઆત થઈ ત્યારથી જ જો મારા માટે ખાસ ભક્તિ રાખી મને નવાજ્યો હોત તો, આજે વીસવીસ સદીઓ પછી બહુ થોડા માણસો મૂર્તિપૂજા, નાસ્તિકવાદ, જાતજાતના વિતંડાવાદમાંથી ઊગરી ગયા હોત અને લોકોએ અનંતસજા તરફ આંધળી દોટ ન મૂકી હોત. જુઓ, હજી કેટલું બધું કામ બાકી પડ્યું છે !

મારો સમય થઈ ગયો છે ! મેં માનવોને ઘડ્યા, હવે તેઓએ એક પિતા, મુક્તિદાતા અને અનંત સુખની મંઝીલ એવા મારા માટે ચાહના કેળવવી જોઈએ, મને આદર આપવો જોઈએ, આ માટે સૌ પ્રથમ મને ઓળખવો જોઈએ.

મેં અત્યાર સુધી તમે પરિચિત છો એવી બાબતો વિશે વાત કરી. હું તમને યાદ અપાવવા માગું છું કે, જેમને જેમને હું દુનિયાના અંત સુધી પેદા કરીશ એ સૌના માટે હું અત્યંત ભલો પિતા છું, તમે માની લીધેલ ભયંકર પિતા તો નથી જ.

તમે જાણી લો કે, હું ઈચ્છું છુંઃ મારો પરિચય થાય, મને ચાહવામાં આવે અને સૌથી વિશેષ તો મને સન્માનવામાં આવે. સૌ માનવો, ખાસ કરીને પાપીઓ, રોગીઓ, મૃત્યુશૈયા પર પડેલાંઓ, મારી અસીમ ભલાઈને ઓળખે. તેઓ સૌ જાણે કે હું ફક્ત એક જ વસ્તુ માગુ છું - બધા માટે ચાહના, બધા માટે કૃપા અને તેમને પસ્તાવા બદલ હું માફી બક્ષું, તેઓ સૌ મુક્તિ મેળવે. તેઓનો

પવિત્રોમાં સમાવેશ થાય, હું તેમને દયા દૃષ્ટિએ જોઉં નહીં કે ન્યાયદૃષ્ટિએ.

આ બધાના સારરૂપે કહું તો હું તમને એક સચોટ સનાતન વચન આપું છું. તમે મને પ્રેમ અને વિશ્વાસપૂર્વક પિતા કહી પુકારો અને મારી પાસેથી પ્રેમ અને દયાથી તમે સર્વ કંઈ મેળવી શકશો.

તારા આધ્યાત્મિક ગુરુ, મારો પુત્ર, મારા મહિમાર્થે કામ કરે એમ હું ઈચ્છું છું, તને મેં જે કહ્યું એનું એકએક વાક્ય તું ટપકાવી લે - જો આમ થાય તો માનવોને હું જે કંઈ જણાવવા માગું છું એ નિર્ભેળપણે વાંચવું સુગમ પડે.

પ્રતિદિન હું તને માનવો માટેની મારી ચાહના, મારી પીડા અને સૌથી વિશેષ તો તેમના માટેનો મારો ઉત્કટ પ્રેમ અને અસીમ ભલાઈ વિશે બતાવીશ.

તારા ઉપરીઓ તને નવરાશનો સમય મારી સાથે ગાળવા પરવાનગી આપે, એટલે તું દરરોજ અડધો કલાક મને સાંત્વના આપી શકે. હમણા જે ભક્તિ મેં તારી સમક્ષ મૂકી છે એના પ્રસાર માટે મારાં બાળકો-માણસોના હૃદય તૈયાર છે, એની તું મને ખાતરી કરાવ. આ ભક્તિ દ્વારા પોતાનાં બાળકોની પ્રીતિ સંપાદન કરવા માગતા પિતા માટે તું, એમનો વિશ્વાસ મેળવી શકીશ.

હું તારી પાસેથી માગું છું કે, તું તારા દિવસો મનન ચિંતનમાં પસાર કરે જેથી સર્વ દેશોમાં ઝડપથી આ કાર્યનો ફેલાવો થઈ શકે, અને કાર્યકર્તાઓ દ્વારા જરા સરખી પણ મૂર્ખાઈભરી ભૂલ ન થાય. બીજાની સાથે વાતો કરવામાં તને બહુ આનંદ નહીં આવે. તું બધાની વચ્ચે હોઈશ તો પણ તારા દિલમાં તો તું મારી સાથે જ વાત કરતી હોઈશ કે મને જ સાંભળતી હોઈશ.

હું તારી સાથે ખાનગીમાં જે કાંઈ વાત કરું એ તું એક ડાયરીમાં ઉતારી લે એવી મારી ઈચ્છા છે, એ દ્વારા હું હરેકની સાથે રહેવા ઈચ્છું છું. આમેય હું મારાં બાળકો સાથે એક મા કરતાં વધુ નજીક રીતે રહું છું.

હું, છેક સર્જનકાળથી આજદિન સુધી માનવથી ક્ષણેય દૂર ગયો નથી. એનો અર્થ એવો તો નથી કે, મારે એની જરૂર છે, પરંતુ એક સર્જનહાર અને પિતાના દિલમાં માણસ માટેની ઝંખના પ્રેમની ઝંખના છે. એવી રીતે હું માણસ પાસે જ રહું છું, હું એને એકેએક જગાએ અનુસરું છું. બધી બાબતોમાં હું એને સહાય કરું છું, હું એને સર્વ કંઈ આપું છું.



માનવીની જરૂરિયાતો, એની સમસ્યાઓ અને એની બધી એષણાઓથી હું વાકેફ છું. એને સહાય કરવામાં મને ભારે આનંદ ઊપજે છે.

માણસો તો માની બેઠા છે કે હું એક ભયાનક ભગવાન છું, લોકોને નરકમાં ધકેલી દઉં છું. કાળને અંતે કેટલાક એવા લોકો મારી પાસે અનંત સુખમાં વિરાજમાન થયા છે, જેમને માટે બીજાઓએ તો ધારી લીધું હતું કે એ લોકોનો નાશ થઈ ગયો છે !

મારાથી સર્જાયેલ સૌને ખાતરી થવા દો કે હું તમારો પિતા છું. ભવિષ્યમાં પ્રાપ્ત થનાર અનંત સુખનો કંઈક સ્વાદ આ ધરતી પર પણ માનવો મેળવે એવી મારી ઈચ્છા ખરી !

બાળકોને આ ધરતી પર અવતારનાર માતા ક્યારેય એને ભૂલી શકતી નથી એથીય અદકું આશ્ચર્ય તો એ છે કે હું ક્યારેય મારા સર્જનને વિસરી જતો નથી.

એટલે, એક માતા મેં દીધેલા બચ્ચાને આટલું ચાહે તો મારા પોતાના સર્જનને હું સવિશેષપણે ના ચાહું ? કોઈ ખોડખાંપણને લીધે, કદાચ મા એના બાળકને ઓછું ચાહે - એથી ઊલટું હું એને વધુ જ ચાહવાનો. માતા કદાચ એના બાળકને ભૂલી જાય, એનો ઓછો વિચાર કરે કે ઉંમરને હિસાબે બરાબર કાળજી ન લઈ શકે - હું મારા બાળકોને ભૂલતો નથી. હું એમને સદા ચાહવાનો અને ભલે, બાળકો મને યાદ ન કરે, હું તો એમને સદા સંભારતો અને ચાહતો રહેવાનો.

મેં તને ક્યારનુંય નથી કહ્યું કે, તું આ પૃથ્વી પર જ અનંતસુખ પ્રાપ્ત કર. હું કહું છું એની સમજ પડી નથી લાગતી તો પછી આ રહ્યો એનો અર્થ:

તમે માનવબાળો પ્રેમ અને વિશ્વાસપૂર્વક, સુખી બનવા માટે ઈશ્વરના પસંદ કરેલાઓ સંગે, અનંતકાળ સુધી મધુર રાગે સ્તુતિ ગાવાના છો એ જ અનુભવ તમને મારું મધુરું નામ રટતાં આ પૃથ્વી પર જ થશે. આજ સ્વર્ગના સુખનો પૂર્વસ્વાદ.

એટલા જ ખાતર હું આમ ઈચ્છું કે, માણસ વારંવાર યાદ રાખે, જ્યાં એની હયાતી ત્યાં જ મારી હાજરી. મારી હાજરી ન હોય ત્યાં એની હયાતી શક્ય જ નથી. માનવની અશ્રદ્ધા છતાં, હરહંમેશાં હું એની બાજુમાં જ છું.

મારી ઉત્કટ ઈચ્છા છે કે, આ મારી યોજના સમજાય જાય. માણસે હજુ સુધી પિતા પરમેશ્વરને છાજે એવું માન આપ્યું નથી; માનવ અને એના પરમપિતા વચ્ચે વિશ્વાસનો સેતુ રચાય એવી મારી તીવ્ર ઈચ્છા છે. એની સાથે સન્નિષ્ઠ પરિચય અને મીઠા સંબંધનો નાતો બંધાય તો જ પરમપિતાની ભલમનસાઈનો ગેરલાભ નહીં લેવાય.

મને ખબર છે તારી જરૂરિયાતોની, તારી એષણાઓની અને તારા હૃદયમાં ધરબાયેલ લાગણીઓની. એક પિતાની પર મદાર રાખતા પુત્રની જેમ તમે મારી પર આધાર રાખો તો હું કેટલો ખુશ અને આભારવશ બનું ? તું મારી પાસે નાની કે મોટી ગમે તે વસ્તુ માગે તો શુ હું નકાર કરું ? ભલે ને, તું મને ના જોતો હોય પરંતુ તારામાં અને તારી આસપાસ જે કંઈ બને છે એમાં તું મારી હાજરી નથી જોતો ? મને જોયા વિના જ મારામાં ઈતબાર રાખનારા એક દિન બદલો પ્રાપ્ત કરશે.

હું જેને આ સંદેશો લખાવું છું એ વ્યક્તિ વિના તમારામાંથી કોઈ મને જોઈ શકતું નથી. અત્યારે પણ હું અહીં જ છું, તમારી મધ્યમાં રહી વાતો કરું છું - કહી રહ્યો છું કેઃ મારી ઈચ્છા આવી છે, તમે મને ખાસ રીતે ચાહો, માન આપો, મારો પરિચય કેળવો. હું જેને આ સંદેશો ઉતરાવું છું એના સિવાય આખી માનવજાતિમાં મને કોઈ જોઈ શકતું નથી ! છતાં હું તમારી સાથે વાત કરું છું, તેનામાં (યુજીનિયામાં) હું સૌને નિહાળું છું અને તમારી એકેએકની સાથે વાત કરું છું, હું એવી રીતે બોલું છું જાણે તમને મારી સામે જોતો હોઉં, અને તમે મારી સામે જોતા હો !

હું તો ઈચ્છું છું કે, માણસો મને ઓળખે અને મારા સાથને અનુભવે. હે માનવો, યાદ રાખો હું માનવજાતને માટે આશાકિરણ બનવા માગું છું. માનવી માટે મેં શું શું નથી કર્યું ? જો હું આશાનું કિરણ ન હોઉં તો માણસો વિનાશ પામી જાય ! માનવના હૃદયને શાંતિ, વિશ્વાસ અને પ્રેમ પ્રાપ્ત થાય અને સ્વર્ગના પિતાનો સ્પર્શ આ પૃથ્વી પર થાય, માટે મારે આશાના સ્રોત બનવું રહ્યું.

તમારાં પુસ્તકોમાં ચિતરવામાં આવે છે, એવો મને વૃદ્ધ, બિહામણો તમે ન માની લેતા, ના, ના હું મારા પુત્ર અને પવિત્ર આત્માના કરતાં નાનો કે મોટો નથી. આથી યુવાનથી માંડી વૃદ્ધ સુધીનાં બધાં મને પિતા



અને મિત્રના નામે બોલાવે એવી મારી ઈચ્છા છે. હું હરહંમેશ તમારી જોડે છું અને મારી જાતને તમારા જેવી જ બનાવવા માગું છું એટલે તમે તમારી જાતને મારી સમાન બનાવી શકો. માબાપો પોતાનાં સંતાનોને મને પિતાના નામે સંબોધવા કહે છે ત્યારે મારી ખુશીની કોઈ સીમા રહેતી નથી અને હકીકતે હું પિતા છું પણ ખરો ! નાનાં બાળકોમાં મારા નામે પ્રેમ અને વિશ્વાસ ભરી દેવાય એ હું જોવા માગું છું ! મેં તમારા માટે બધું કર્યું છે તો તમે મારા માટે આટલું નહીં કરો ?

જેમ સ્વર્ગમાં છે તેમ એકએક કુટુંબને મારે મારું ઘર બનાવવું છે, તેથી બધા ખાતરીપૂર્વક કહી શકેઃ અમારે અતિ ભલા, અતિ સમૃદ્ધ અને અતિ માયાળુ પિતા છે, તે આપણી પાસે જ છે. જો આપણે માગીએ તો તે આપણી બધી જ જરૂરિયાતો પૂર્ણ કરવા તૈયાર છે. એમની બધી સમૃદ્ધિ આપણી છે, આપણે જે કંઈ જોઈશે તે બધું મળી રહેશે. તમારે જે જોઈએ એ માગો એટલા માટે હું અહીં છું. માગો અને તમને મળશે. એક પિતાની ભલમનસાઈને લઈને તમે જે કંઈ માગશો તે સર્વ કંઈ તમને મળી રહેશે. હા, તમારે એક કુટુંબમાં રહેતા પિતાની જેમ મારું સન્માન જાળવવાનું છે.

હું મારી નાની પુત્રીને પાછળથી બતાવીશ એ ચિત્ર દરેક કુટુંબ ધ્યાન ખેંચે એવી જગાએ મૂકે. મને વધુ સહજ રીતે માન મળે એટલા માટે એકેએક પરિવારને મારા ખાસ રક્ષણ હેઠળ મૂકવામાં આવે એમ હું ઈચ્છું છું. એક પિતા, પોતાનાં બાળકોને લગતી બધી બાબતોથી પરિચિત હોવા જોઈએ એટલે આ ચિત્ર સમક્ષ કુટુંબ પોતાની જરૂરિયાતો, પોતાનાં કાર્યો, આપત્તિઓ, આકાંક્ષાઓ અને ખુશીઓ રજૂ કરે, મને સહભાગી કરે. આમે ય આ બધાંની ખબર મને હોય છે જ, બધા બનાવોમાં હું હોઉં છું, છતાંય નિખાલસતા મને પ્રિય છે. તમારી પરિસ્થિતિ સાથે અનુકૂલન કેવી રીતે સાધવું એ હું જાણું છું. હું નાનાની સાથે નાનો અને મોટાની સાથે મોટો બની જાઉં છું. આથી તેમના સંતોષ અને મારા મહિમાર્થે તેમને જે કંઈ સમજાવવાનું હોય તે સમજાવી શકું.

મારા પુત્રને, તમારા જેવા નબળા માનવીની જમાતમાં સામેલ કરવામાં મારા કથનની સાબિતી નથી મળી જતી ? મારે જે કહેવું છે એ હું કહી શકું એટલા માટે તમારા જેવા શક્તિહિન સર્જનને મેં જ પસંદ કર્યું છે, ઉપરાંત હવે મારી જાતને તમારા સમાન નથી બનાવી દેતો ?

જો, મેં મારો મુગટ મારા પગ આગળ મૂકી દીધો છે અને દુનિયાને દિલે લગાડી છે. મેં મારો મહિમા સ્વર્ગમાં છોડી દીધો છે અને સર્વને માટે સર્વ કંઈ બની ગયો છું. ગરીબો સાથે ગરીબ અને પૈસાદાર સાથે પૈસાદાર જેવો બની જાઉં છું. એક સંવેદનશીલ પિતાને છાજે એમ જ હું કહું છું. હું યુવાવર્ગને બચાવવા ઈચ્છું છું. દુષ્ટતાએ વિશ્વને કેવું ભરડામાં લીધું છે ! બિચારા અનુભવ વગરના આત્માઓ દુર્ગુણોની માયાજાળમાં ફસાઈને વિનાશને પંથે દોરાય છે. દુષ્ટતાનો સામનો કરવા માટે તારે બીજાની મદદની જરૂર છે, તો આવી જા મારી પાસે. સર્જવામાં આવેલ કોઈપણ કરતાં હું તને પિતા તરીકે વધારે ચાહી શકું છું, તો મારો આશરો લે. મને તારાં વિચારો અને ઈચ્છાઓ દર્શાવ. હું તને ઉત્કટ રીતે ચાહીશ. હું તારા વર્તમાન અને ભાવિને આશીર્વાદિત કરીશ. મેં તને પેદા કરી છે એ હું પાંચ-પંદર કે પચીસ વર્ષે પણ ભૂલી તો નહીં જ જાઉં. આવ, તારે મારા સમાન એક મધુર અને અત્યંત ભલા પિતાની જરૂર છે.

બીજી મહત્ત્વની બાબતો વિશે હું પછીથી વાત કરીશ, પણ મારી ઈચ્છા, ખાસ કરીને મારાં વધુ વહાલાં સંતાનો જેવાં, મારાં પસંદ કરેલાં, યાજ્ઞિકો, સન્યાસીઓ સાથે વાત કરવી છે. તમારે માટે મેં મોટી મોટી યોજનાઓ ઘડી રાખી છે.

### પોપને સંબોધન

મારા પ્રિય પુત્ર, મારા ઉત્તરાધિકારી, આ કાર્યને માટે સૌ કરતાં પ્રથમ મારી નજર તારી બાજુ ઠેરવું છું. બધાં જ કાર્યોમાં મારા આ કાર્યને પ્રથમ પસંદગી મળવી જોઈએ, વળી શેતાને પણ સર્વના મનમાં ડર પેદા કર્યો છે માટે આ સમયે આ કામ થવું જોઈએ.

આ કાર્ય એક સાહસ છે. એનાં વ્યાપ, મહાનતા, ઊંડાણ અને અગત્ય

આ ઈચ્છા મારા સર્જન દ્વારા હવે સંતોષાતી હોય તો હું ભૂતકાળ પર પડદો નાખી દેવા તૈયાર છું.

હું મારું, બાપડું-બિચારું ગણાય એવું સર્જન આ સિસ્ટર અને એના દ્વારા સૌ માનવો સાથે નીચા વળીને વાત કરું છું. જો કે, પોતે કેવું ભગીરથ કાર્ય ઉપાડવાનું છે એનો અહેસાસ આ સિસ્ટર સુદ્ધાંને નથી.

એની આગળ હું ધર્મવિદ્યાની પારાયણ કરી શકતો નથી કારણ, મને ખાતરી છે કે, એમાં એને કશી ગતાગમ નહીં પડે. હું તો સાવ સાદી અને સરળ રીતથી મારું કામ પાર પાડું છું. કામને જોઈ તપાસી આગળ વધારવાનું હવે તારે માથે.

મારો પરિચય થાય, મને ખાસ પ્રેમ અને માન પ્રાપ્ત થાય એ માટે વિશેષ કંઈ જ માગતો નથી, મારી આટલી જ ઈચ્છા છે :

૧. માનવજાતના પિતા - એ નામે એક જ દિવસ અથવા તો ઓછામાં ઓછું એક રવિવાર મારા માનાર્થે સમર્પિત કરવામાં આવે. આ માટે વિધિપૂર્વકનો ખ્રિસ્તયજ્ઞ રાખવામાં આવે. શાસ્ત્રપાઠ કરવા બાઈબલમાંથી વાચન માટે મુશ્કેલી નહીં પડે.

આ વિશેષ ભક્તિ રવિવારે અર્પણ કરવાની હોય તો ઑગસ્ટનો પ્રથમ રવિવાર મને પસંદ પડે. જો તમે અઠવાડિયાનો કોઈ વચ્ચેનો દિન નક્કી કરો તો એ જ માસનો સાતમો દિન મને પસંદ પડે.

૨. સમગ્ર સન્યાસીવર્ગ આ ભક્તિ પ્રસારવાનું માથે લે એવું હું ઈચ્છું છું. સવિશેષ, તેઓ માણસોને મારી ઓળખ આપે તેથી સદા હું બધા જ પિતાઓમાં સૌથી વધુ પ્રેમાળ અને ભલો બની રહીશ.

૩. હું ઈચ્છું છું કે, માનવો મને બધાં કુટુંબો, હોસ્પિટલો,

સર્વવ્યાપી હોવાને લીધે બધાં મારી આગળ તો છે જ, જો કે દશ્ય નિશાનીરૂપે સૌ સમક્ષ હાજર રહેવાની મારી ઈચ્છા છે.

૪. મારી એવી ઈચ્છા છે કે, વર્ષ દરમ્યાન ધર્મજનો મારા માનાર્થે દયાનાં કૃત્યો કરે, આમછતાં પોતાના કામધંધાઓમાં દખલ પડવા ન દે.

મારા પુરોહિતો સર્વ માણસોમાં મારા પ્રેમની જ્વાળા પ્રકટાવવા, નિર્ભયપણે ભલે આખા વિશ્વમાં જાય. શ્રદ્ધા વગરના આત્માઓ જ નહીં પણ ખ્રિસ્તીસંપ્રદાયોના અન્ય જૂથો પણ પ્રકાશ પામે. હા, આ સૌ સંતાનો પણ પ્રકાશ પામે અને સત્ય સમજે. એટલું નહીં, એનો સ્વીકાર કરે, અને ઈસુપંથી સદ્‌ગુણો જીવનમાં આચરી બતાવે.

૫. મને સેમિનરીઓ, નોવિશિયટનાં ઘરો, વૃદ્ધાશ્રમોમાં વિશેષ માન મળે એવું હું ઈચ્છું છું.

નાનાંમાં નાનાંથી માંડી વૃદ્ધ સુધીનાં સૌ મને ઓળખે અને ચાહે, મને પોતાના પિતા, સર્જનહાર અને મુક્તિદાતા માને.

૬. માણસો પાસેથી કેવી ભક્તિની હું અપેક્ષા રાખું છું એ વિશે મેં પુરાણકાળમાં જે કંઈ કહ્યું છે એ વિશે પુરોહિતો પવિત્રશાસ્ત્રોમાં ખોજ ચલાવે. સામાન્ય લોકો, વિશેષે પુરોહિતો અને મઠવાસીઓ તેમજ સાધ્વી બહેનો દ્વારા મારી ઈચ્છાની જાણ થાય એવું હું માગું છું. અન્યો કરતાં આ આત્માઓ ઉપર હું મારી પસંદગી ઉતારું છું.

તારી આગળ વ્યક્ત કરી એ ઈચ્છાને પરિપૂર્ણ થતાં સમય લાગવાનો જ ! છતાં ઉદારચરિતોની પ્રાર્થના અને તપકૃત્યો દ્વારા એક દિવસે ચોક્કસપણે એ સંતોષાશે. મારા પ્રિય પુત્ર, મારી સ્તુતિ અર્થે તું જે કંઈ કરીશ એનો સોગણો બદલો હું તને વાળી આપીશ.

**ધર્માધ્યક્ષને સંબોધન**

મારી ઈચ્છાની પરિતૃપ્તિ માટે આ વિશ્વમાં મારા પુત્ર, એલેકઝાન્ડર હું તને બે શબ્દો કહેવા માગું છું.

મારા પુત્ર ઈસુને સમર્પિત આ નાનીશી વેલનું પ્રાયશ્ચિત સાંભળનારા ધર્મગુરુ સાથે આ કાર્ય પ્રોત્સાહિત કરવા તારે સહભાગી થવું જોઈએ. માણસો



પાસેથી જે વિશેષ ભક્તિની અપેક્ષા સેવું છું એને લગતું આ કાર્ય છે. મારા પુત્રો, આ મહત્ત્વનું કાર્ય અને એનું ભાવિ તમને સોંપું છું.

મારા સર્જનને મારો પરિચય થાય તથા મને માન પ્રાપ્ત થાય માટે બોલો અને બોલતા રહો. લાંબા સમયથી એકાંતમાં ભંડારી રાખી હતી એ મારી ઈચ્છા તું પૂર્ણ કરે એવી મારી અપેક્ષા છે.

તું મારા મહિમાર્થે જે કંઈ કરશે તેની સામે હું તને મુક્તિ સાધવામાં બેવડો બદલો વાળી આપીશ. આ હેતુને સિદ્ધ કરવા બદલે હું અંતે સ્વર્ગમાં બદલો આપીશ.

મેં મારા મહિમાર્થે માનવ સર્જ્યો અને મારામાં જ એની ઈતિશ્રી થવી જોઈએ. માણસ પોતાના સર્જનહાર અને પિતા વિના સુખી બની ન શકે, કારણ એનું હૃદય ફક્ત મારા માટે જ સર્જાયેલ છે.

મારે મારા સર્જનને પ્રેમ કરવાનો છે, આ પ્રેમ એટલો તો ઉત્કટ છે કે માનવોની મધ્યે રહેતાં હું ગદ્‌ગદિત બનું છું.

સ્વર્ગમાં મારો મહિમા અઢળક છે. એ ખરું, પરંતુ આ દુનિયામાં જ્યાં જ્યાં માનવો વસતા હોય ત્યાં ત્યાં એમની વચ્ચે વસવામાં મારો મહિમા અદકેરો વધી જાય છે. હે મારા સર્જન, તમારું વૈકુંઠધામ તો મારા પાવન આત્માઓની સાથે વસવામાં છે કેમ કે, ત્યાં જ મારા દર્શનની લાગણીથી ઉદ્‌ભવતા સ્તુતિના આનંદસાગરમાં તમે મગ્ન થઈ જશો. ઓ માનવો, મારું સ્વર્ગ તો તમારી મધ્યે છે ! આ પૃથ્વી પર સૌ આત્માઓની સંગાથે મારાં સુખ અને આનંદ સમાયેલાં છે. આ આનંદથી તમે મને નવાજી શકો તમારા પિતાની એ અપેક્ષા છે અને તમારું કર્તવ્ય છે.

મારા પુત્ર ઈસુની સાથે આ દુનિયાની તેમની જિંદગી દરમ્યાન જે આનંદ મને મળતો હતો એવો જ આનંદ મને તમારી સાથે રહેવામાં થાય છે. મારા પુત્રને મોકલનાર હું હતો. એમનું ગર્ભાધાન મારા પાવન આત્મા દ્વારા થયું, એ પણ હું પોતે જ, એક શબ્દમાં કહું તો હું હંમેશાં એનો એ જ છું.

મેં જે મારા પુત્ર માટે કહ્યું હતું એ જ તમને પણ કહું છું: મારાં વહાલાં બાળકો, હું તમારા પર અત્યંત પ્રસન્ન છું. આને લીધે હું તમારા સાથ-સંગાથમાં ખુશ રહું છું, મને તમારી સાથે રહેવું ગમે છે. સૂર્યની પૃથ્વી પરની હાજરી

અને મારી તમારી સાથેની હાજરી સરખી છે. જો તમે યોગ્ય સ્થિતિમાં મારો સ્વીકાર કરો તો હું તમારી સાવ નજીકમાં આવી જવાનો, તમારામાં પ્રવેશ કરવાનો, તમને મારા અસીમ પ્રેમની હૂંફ આપી પ્રકાશિત કરવાનો.

જે આત્માઓ પાપમય હોય અને ધાર્મિક સત્યથી વેગળા હોય, તેમનામાં હું પ્રવેશ પામી શકતો નથી. જો કે, માણસો પ્રકાશ જોવા પામે અને પાપથી સાજા નરવા બને માટે તમારે દ્વારે તો હું રહેવાનો. હું તમને મારા ભણી બોલાવતો ક્યારેય અટકતો નથી અને મારે જે ફળ તમને આપવું છે એને પ્રાપ્ત કરવા તમને આમંત્રણ પાઠવતો રહું છું.

કેટલીકવાર હું તમારી તરફ જોઉં છું અને તમારી નિરાશાજનક સ્થિતિ નિહાળી અનુકંપા અનુભવું છું. કેટલીકવાર હું તમને કૃપાની ભેટ વડે નવાજવા માગું છું, કેટલીયવાર તો હું દિવસો અને વર્ષો તમારા અનંતકાળના સુખની તૈયારી માટે કેટલાક આત્મા પાસે ગુજારું છું. હું તમારી રાહ જોતો પાસે જ છું, વારંવાર તમને બોલાવી રહ્યો છું. એ વિશે તમે અભાન છો. આમ છતાં ક્યારેય હું બેબાકળો બનતો નથી અને મૃત્યુ પહેલાં પ્રેમનું કાર્ય અર્પણ કરી મારી તરફ પાછા ફરશો એ આશામાં તમારી પાસે રહેવામાં આનંદ અનુભવું છું.

ઓચિંતા મોતને ભેટેલા એક આત્માનું હું ઉદાહરણ ટાંકું: મારે માટે એ આત્મા એક ઉડાઉ દીકરો જ ગણાય. (મધર યુજીનિયાની નોંધ: "જે રીતે આ ઉદાહરણ નિરૂપાયું છે, મેં એ હૂબહૂ જોયું.)"

એક પ્રેમાળ પિતા તરીકે મેં એને ઘણા લાભો આપ્યા હતા, જો કે એણે તો મને ગંભીરરૂપે દૂભવવામાં કચાશ રાખી નહોતી. મેં એની રાહ જોઈ, બધે જ હું એને અનુસર્યો, મેં એના કામના બદલારૂપે, બિનજરૂરી લાગે એટલી હદે એને ભૌતિક અને શારીરિક ભેટોથી નવાજ્યો. બધું જ મળી રહેલું હોવા છતાં તે દુર્ગુણોના પાસમાં ફસાયેલો હતો. જાણે કે, પાપમય જીવનની એને આદત પડી હતી, પરંતુ મારો પ્રેમ અથાક, હું એની પાછળ અને પાછળ ચાલ્યો જતો હતો. મારી વિનંતીઓનો એ નિષ્ઠુરપણે અસ્વીકાર કરતો હોવા છતાં હું એ આશાએ ધીરજપૂર્વક એને જીરવી રહ્યો હતો કે, તે આખરે પોતાના પિતા અને મુક્તિદાતાના કોલનો સાનુકૂળ ઉત્તર વાળશે.

.....અને એનો અંતિમદિન આવ્યો. તે પોતાના પિતા, મારી પાસે આવે માટે તેની સાન ઠેકાણે લાવવા મેં એની પર માંદગી મોકલી. સમય વહેતો ચાલ્યો



અને ૭૪ વર્ષના આ મારા પુત્ર પાસે સિલકમાં માત્ર એક કલાક, હું કંઈ ત્યાંથી હટું ? મેં તેની સાથે પહેલાં કરતાંય વધુ ભલમનસાઈથી વાત કરી, છેડો ન મૂક્યો. હું જે માફી એને બક્ષી રહ્યો હતો, એ માટે તે તૈયારી દાખવે માટે મેં મારા પસંદ કરેલાઓને તેને માટે પ્રાર્થના કરવા કહ્યું, અને છેવટે તેણે અંતિમ શ્વાસ લીધો. જો કે એ પહેલાં એની આંખ ઊઘડી ગઈ, તેણે પોતાની ભૂલો સ્વીકારી, ખોટા માર્ગનું એને ભાન થયું, અથવા કુમાર્ગ, સારાનરસાનો એને ખ્યાલ આવી ગયો, છેવટે ધ્રૂજતા હાથે, કોઈના પણ કાને ન પડે, એમ ધીમા સ્વરે એ ગણગણ્યો: 'હે મારા ભગવાન, કેટલો બધો મહાન પ્રેમ તમારો ! મેં તમને તરછોડીને જિંદગી બગાડી નાખી, હે મારા પિતા, મુક્તિદાતા, મેં લગીરેય તમારો વિચાર કર્યો નહીં. હવે આ માયાજાળમાંથી મને બધું જ સ્પષ્ટ વર્તાય છે. મારી દુષ્ટતા બદલ માફી માગું છું, મારા પિતા, મારા મુક્તિદાતા હું તમને ચાહું છું.'

આ જ ઘડીએ તે મૃત્યુને આરે આવી ગયો ! હવે અત્યારે એ મારી સમક્ષ છે. એક પિતાનાં વાત્સલ્યથી મેં એનો ન્યાય કર્યો, એણે મને પિતા કહી પુકાર્યો અને એ બચી ગયો ને થોડો સમય શિક્ષા ભોગવી અનંતકાળ માટે ઊગરી ગયો. એક પાપી જિંદગીનાં દુષ્કૃત્યો બદલ પસ્તાવો કરી બચી જાય એ જ મારે માટે તો આનંદનો અવસર એને સ્વર્ગીય દરબારમાં જોવો મારે માટે ધન્ય ઘડી જ છે !

જે આત્માઓ ન્યાય અને સદાચારના પંથે ચાલતા હોય તેમનામાં વસી હું ખુશખુશાલ બનું છું. હું મારી જાત તેમને સોંપી દઉં છું. હું પ્રેમ દ્વારા એમનામાં મારી તાકાત સીંચું છું. એવા આત્માઓને આ ધરતી પર જ હું સ્વર્ગીય સુખની લહાણ કરાવું છું.

**(સંદેશાનો પ્રથમભાગ અત્રે પૂર્ણ થાય છે.)**

# પરમેશ્વર પિતાનો સંદેશ
# ભાગ ૨ જો

(બીજો ભાગ ૧૯૩૨ની ૧૨મી ઑગસ્ટે શરૂ થયો. એક દિવસે શેતાને સંદેશાના કવરને કાતરથી ચીરી નાખ્યું.)

મેં જ જીવંતજલનું ઝરણું વહાવ્યું છે એ કાળના અંત સુધી વહેતું રહેશે. મારાં બાળકો, મારું સર્જન, આ ઝરણ પ્રેમાળ પિતાની છાતીમાંથી તમારી પાસે આવે છે. તમે મારા અસીમ અને કરુણાદ્ર પ્રેમનાં સાક્ષી બનો એમ હું ઈચ્છું છું. હું માત્ર પ્રેમ દર્શાવવો પૂરતું નથી માનતો પણ માણસોની તરસ છિપાવતાં, તાજગીસભર મારા હૃદયને પણ ખોલવા માગું છું. માણસો અત્યાર સુધી મારાથી ડરી ગયેલા છે. એ અતિશયોક્તિયુક્ત બીકને બદલે હવે માણસો ક્યારેય ન અનુભવ્યો હોય એવો કોમળ પિતાનો આનંદ અનુભવશે.

માણસોને મેં મુક્તિદાતાનું વચન આપ્યું ત્યારથી આ ઝરણ વહે છે. (મધર યુજીનિયાની નોંધઃ તેમણે મારી સાથે વાત કરવાની શરૂ કરી ત્યારથી આજ સુધી રોજ આ ઝરાને હું જોતી આવી છું.) મારા પુત્રના હૃદય દ્વારા મેં આ ઝરો વહાવ્યો હતો. મારા ઉત્કટ પ્રેમને વશ વર્તીને મારા હૈયામાંથી નીકળતા આ પ્રેમના પ્રવાહને કપરા સમયને માટે સહાયભૂત થવા, સમયના બંધન સિવાય તેને હું, મુક્તપણે વહાવું છું.

જો તમારે આ ઝરાનો સ્વાદ મેળવવો હોય તો મને પિતા તરીકે નહીં પણ એક મિત્ર અને અંગત વ્યક્તિ બનીને હું કહું એમ ચાહો.

હું આ કહું છું એથી નવાઈ પામવાની જરૂર નથી. શું મેં તમને મારી પ્રતિમા મુજબ ઘડ્યા નથી ? તમે, મને પિતા, સર્જનહાર અને પરમેશ્વર જેવાં ઘનિષ્ઠ સંબંધસૂચક સંબોધનો કરો (એમાં ખોટું કશું નથી). તમે સૌ મારી દયા અને ભલમનસાઈને પ્રતાપે એક દૈવી પિતાનાં સંતાન બની ચૂક્યાં છો.



મારો પુત્ર ઈસુ મારામાં વસે છે, અને હું તેનામાં વસું છું. અમારી વચ્ચે પ્રેમની અરસપરસ લહાણ થાય છે. પાવન આત્મા અમને પ્રેમના સૂત્રે બાંધી એક બનાવે છે.

મારા પુત્ર ઈસુનું હૃદય આ ઝરણાની ગંગોત્રી છે, તે મુક્તિનું જલ વહાવે છે, સૌને એમાં સ્નાન કરીને પાવન બનવાનું ઈજન છે. આ ઝરાનું જલ હરહંમેશાં તરોતાજા અને આહ્લાદક છે એ વિશે નિઃશંક રહેજો. તમે તમારી ઈચ્છાઓના વળગણને ઉતારીને મારી પાસે આવો, મારો પુત્ર તમને રાહ ચીંધશે. આ ઝરાનું પાન કરાવી હું તમને મારો પરિચય કરાવીશ. મારા પરિચયને કારણે તમે તૃપ્ત થશો, તમે નવિન વ્યક્તિ બની જશો. તમારી વ્યાધિઓ, ડર અદશ્ય થઈ જશે. તમે સુખસાગરમાં મગ્ન બની ક્યારેય ન હો એટલા સલામત બની જશો.

તમને પ્રશ્ન થશે, પિતા પાસે આવવું કઈ રીતે ? આ માટે વિશ્વાસની એક કેડી પૂરતી છે. મને પિતા માની પૂરા દિલથી ચાહો પછી જુઓ આ ઝરણ તમને તાજગી અને તાકાત બક્ષે છે કે નહીં ?

જો તમે ખરેખર ઈચ્છતા હો કે મને જાણવા અને પ્રેમ કરવા તમારે આ જલની જરૂર છે પણ તમે હતોત્સાહ તથા ઉદાસિનતાનો અનુભવ કરતા હો તો મને પિતાના મધુરા નામે પુકારો, હું તમારી વહારે ધાઈશ. મારું જીવનજલ તમને પ્રેમ, વિશ્વાસ અને તમારા પિતા સર્જનહારને ચાહવા માટે જેની જરૂર હોય એ સર્વ આપશે.

આ પૃથ્વી પર જ મારી ભલમનસાઈ અને કોમળતાનાં દર્શન થાય, તમે સુખનો અનુભવ કરો એ માટે મારાથી અજાણ્યા હોય તેઓને મારો પરિચય કરાવીને તમે સંદેશવાહક બનો. હું તમારી કોશિશો પર આશિષ ઉતારીશ, તમને સર્વોત્તમ મહિમાના ભાગીદાર બનાવીશ.

હું દયાનો સાગર છું. તમારા તરફના મારા વાત્સલ્યનો પુરાવો એ છે કે વ્યક્તિની ઉંમર, કક્ષા કે દેશને વચ્ચે લાવ્યા વિના હું સૌને માટે ભલી લાગણી ધરાવું છું. હું સમાજ, સંપ્રદાય, આસ્તિક, નાસ્તિક કશાના ભેદ કરતો નથી, વિશ્વના સૌ બુદ્ધિજીવીઓનો હું સમાવેશ કરું છું.

આનું પ્રમાણ આ રહ્યું, હું ભલાઈનો ભંડાર છું. મારા દિલમાંથી વહેતા, સૌની તરસ છિપાવતા ઝરાને તમે જોયો. તે સૌ પ્રત્યે કૂણી લાગણી રાખે છે.

તમે આંખ મીંચીને એની પર આસ્થા રાખી શકો માટે આ ભલાઈના ભંડાર તરફ જુઓ. જો તમે એનો સ્પર્શ કરશો તો પાપ અને દૂષણોને લીધે વ્યાપેલ કડવાશ, પ્રેમની તાજગીને કારણે દૂર થાય છે. આ ઝરણ એમનું કલ્યાણ કરશે. એ તમને ભલા અને પ્રેમાળ કેવી રીતે થવું એનો ખ્યાલ આપશે.

મારાં બાળકો, તમારે આ ધરતી પર શાંતિ અને આનંદમાં જીવવું છે ? આ અફાટ સાગરમાં ઝંપલાવો અને એમાં રહો. તમે સામાન્ય જીવન જીવો છો હવે પ્રેમ દ્વારા આ જીવન સંતોષપૂર્ણ બની રહેશે.

જે મારાં બાળકો સત્યપંથે નથી તેમને પણ મારે પિતાની મમતામાં સમાવી લેવાં છે, અત્યારે પૂર્ણપણે પ્રકાશની જ્યોતિમાં તેઓ પોતાની આંખો ખોલે.

કાળની શરૂઆત પૂર્વે આ ઘડીની અગમવાણી ઉચ્ચારવામાં આવી હતી, એ ઘટનાની વાટ જોવાની હતી. હું અહીં વ્યક્તિગતરૂપે તારી સાથે વાત કરવા આવ્યો છું. હું પિતાઓમાં સર્વથી ભલો અને પ્રેમાળ છું. હું જાતે અત્રે આવ્યો છું. તારી મુક્તિની સલામતીને માટે તને મારી બાજુ વાળવા મારી જાતને ભૂલીને સ્વર્ગથી ઊતરીને નીચે આવ્યો છું. તમે સૌ જીવધારીઓ અને ભાવિના શૂન્યાવકાશમાં રહ્યા હોય તે, દુનિયાના અંત સુધી તેમજ આવનારી શતાબ્દીમાં જન્મ લેનાર, સૌ યાદ રાખે કે, તમે કંઈ એકલા નથી. એક પરમ પિતા તમારો વિચાર કરે છે, પોતાના પ્રેમની અલભ્ય ભેટ તમને આપે છે. પિતાના દિલમાંથી વહેતા ઝરાની પાસે આવો. આરોગ્યપ્રદ જલના માધુર્યને ચાખો, અને જ્યારે તમારી જરૂરિયાતને સર્વાંગસંપૂર્ણ રીતે સંતોષીને તમારા આત્માઓને એની શક્તિનો પરચો મળે ત્યારે તમારી જાત પ્રત્યે મૃત્યુ પામી માત્ર મારે માટે જીવવા અને અનંત સુખધામમાં આવવા આ ભલાઈના સમુદ્રમાં ડૂબકી મારો.

(મધર યુજીનિયાની નોંધઃ આપણા પિતાએ મને એક અંગત વાતમાં કહ્યું, આ ઝરો મારા પ્રેમનું અને સમુદ્ર મારી ભલાઈ અને તમારા પ્રત્યેના વિશ્વાસનું પ્રતીક છે. જ્યારે આ ઝરાનું પાન કરવાની તમારી ઈચ્છા હોય ત્યારે મને ઓળખવા યત્ન કરો, મને જાણી લો ત્યારે તમારી જાતનું રૂપાંતર કરવા મારામાં ભરોસો રાખી આ ભલાઈના સમુદ્રમાં ડૂબકી મારો. આવા આત્માનો સ્વીકાર કર્યા વિના હું નહીં રહું, ત્યારપછી હું તમારા દોષોને ધોઈ નાખી મોટો ઉપકાર કરીશ.



હું તમારી મધ્યે છું. આ સત્ય પર જેઓ ભરોસો રાખે છે, જેઓ આ સમયનો ફાયદો ઉઠાવે છે તેઓ સુખી છે. પવિત્ર શાસ્ત્ર એ વિશે કહે છે, એવો સમય આવશે જ્યારે ઈશ્વર પોતાની ઈચ્છા અનુસાર માણસો પાસેથી માન અને પ્રેમ પ્રાપ્ત કરશે.

ત્યાર પછી પવિત્ર શાસ્ત્ર પ્રશ્ન કરે છે. શા માટે ? અને જવાબ વાળે છે, કારણ કે, તેઓ એકલા જ સદા માન, પ્રેમ અને સ્તુતિના અધિકારી છે.

તમે ઈશ્વરને ચાહો અને એની પૂજા કરો આ માણસોને આપેલી દશમાંની પહેલી આજ્ઞા.

શરૂઆતથી જ જેઓ ઈસુપંથી છે, તેઓ કહેશે, અમે તો જન્મ્યા ત્યારથી જ અમારો હૃદયપલટો થયો છે. પ્રભુ ત્યારથી જ તમને ચાહીએ છીએ. અમે પ્રભુપ્રાર્થનામાં કહીએ છીએ,

"હે અમારા પિતા તું સ્વર્ગમાં છે". હા, મારાં બાળકો, તમે આ પ્રાર્થના કરો છો, ત્યારે મારા માટે ચાહના બતાવો છો, મારી સ્તુતિ કરો છો. આ પ્રાર્થનામાં આગળ, "તારું નામ પવિત્ર મનાઓ." શું સાચે જ મારા નામને માન મળે છે ? અને પ્રાર્થનામાં આગળ જતાં "તારું રાજ્ય આવો !" શું મારું રાજ્ય આવ્યું છે ?

એ સાચું છે કે ઈસુરાજા મારા પુત્ર, તમારા માટે ઘણા માનપાત્ર છે અને એમના દ્વારા તમે મને માન આપો છો ! શું તમારા સ્વર્ગના પિતાને રાજા તરીકેના માનથી બાકાત રાખશો ? અથવા, સૌ માણસો ઓળખે અને ચાહે ત્યાં સુધી તેમને રાજ્ય કરવા દેશો ?

ઈસુને પિલાત સમક્ષ અપમાનિત થવું પડ્યું. તેના સૈનિકોએ નિર્દોષ અને પાવન માનવીને ચાબૂકથી ફટકારી દ્રોહ કર્યો. તમે આનો બદલો વાળી આપવા મારા પુત્રનો રાજા ઈસુનો તહેવાર ઉજવો છો, ભલે એ ઉજવાય એને રદબાતલ કરવાનું હું સૂચવતો નથી. આ ઉત્સવ વધુ દબદબાથી મનાવાય માટે ઈસુના રાજ્યને પણ જાણી લો. આ જ્ઞાન મેળવવા રાજાના પિતાને, ઉત્પન્ન કર્તાને પણ જાણી લેવા જોઈએ.

સાચે જ, મારા પુત્રે સ્થાપેલ ધર્મસભા, એના સ્થાપકના પિતા અને સર્જનહારને માન આપવાનું કાર્ય પૂર્ણ કરશે.

મારાં બાળકો, તમારામાંથી કોઈ કહેશે કે, ધર્મસભાની સતત વૃદ્ધિ થઈ રહી છે એ એની પ્રગતિની નિશાની નથી ? મારાં બાળકો, તમે જાણો કે મારા ઉત્તરાધિકારી પાવન પિતા દ્વારા એને અફર બનાવવાની ઈચ્છા મારા પુત્ર અને પાવન આત્માની હતી અને તેઓ શરૂથી માંડી એની રક્ષા કરી રહ્યા છે આમ છતાં હું જેવો કોમળ, દયાળુ, ભલો અને ઉદાર પિતા છું, એવો મારો આ ધર્મ પણ સૌએ વધુ ભક્તિ અને સહૃદયતાથી પાળવો ન જોઈએ ?

મારાં બાળકો, શું એ સાચું નથી? અથવા જો તમને જાણ હોય કે અમારે એક પિતા છે, તે અમને ખૂબ ચાહે છે, અમારો વિચાર કરે છે ? તો તમે શું વધુ ન્યાયપુરઃસર મારી અને માનવો તરફ વધારે પ્રામાણિક ન બન્યા હોત ? એક ઈસુપંથી અને નાગરિક તરીકે તમે વધારે ઉમદા ન બન્યા હોત ?

શું એ સત્ય નથી કે, જે પિતા તમને કોઈ બંધન વિના ચાહે છે અને કોઈપણ જાતના ભેદભાવ વિના બાળકોના મધુર નામે સંબોધે છે, એ પિતાને તમે વહાલાં સંતાન તરીકે અને સર્વમાનવોને પણ ઉત્કટતાથી ન ચાહો ? એવા લોકો પણ છે જેઓ ઈસુપંથીઓથી અજાણ હોય અને પોતાને ઘડનારા પિતાથી પણ અજાણ્યા હોય.

અંધશ્રદ્ધામાં આળોટતા આ બધા આત્માઓ સાથે કોઈ મારા વિશે વાત કરે, આમેય ઘણાબધા મારા અસ્તિત્વ વિશે તો માહિતગાર છે, પણ હું તેમની પાસે છું એથી અજ્ઞાત છે. કોણ એમને જણાવે કે, તેઓના દૈવી પિતા છે, તે સર્જનહાર છે, તે એમનો વિચાર કરે છે, એમની હિતચિંતા પિતાના હૈયે વસેલી છે અને એમનાં દુઃખ અને પીડામાં એ બાજુ પર જ ખડા છે આ જ્ઞાનને લઈને ઘણાબધાનું હૃદયપરિવર્તન કાયમી ધોરણે જ બની રહેશે.

જે કાર્યની હું વાત ચલાવી રહ્યો છું એને વિશે કોઈ નીંદા પણ કરે કે, શું મિશનરીઓ છેક દૂર દેશાવરમાં જઈને શ્રદ્ધા વિહીનોમાં ઈશ્વરની ભલાઈ અને દયાની વાત નથી કરતા ? મિશનરીઓ ઈશ્વર સંબંધી જે કંઈ જાણે છે એનું બયાન કરે છે. આમ છતાં હું તમને ખાતરીપૂર્વક જણાવું છું કે, તમે મને હું જેવો છું એવો જાણતા જ નથી. તમારો મારા તરફનો પ્રેમ ડરને લીધે વિકૃત બની ગયેલ છે. હું સર્વપિતાઓમાં સૌથી ભલો, તમારા પ્રેમને નવું જીવન આપનારો છું, એ હું જાહેર કરું છું.



આ દૈવી પિતાની એક માત્ર ઈચ્છા છે કે, આ પૃથ્વી પર માણસોની જિંદગી સરળ બનાવવી અને સ્વર્ગમાં તેમને દિવ્ય જીવન આપવું. મારા પર આખી જિંદગી શ્રદ્ધા ન રાખતા માણસો મને બિહામણા ન્યાયાધિશના સ્વરૂપે જુએ છે. આ છાપ ભૂંસી નાખવા હું મારા સર્જન જેવો બની જવા માગું છું.

તું જાણે છે એથી વિશેષ મારે વિશે તેઓ જાણતા નથી તેથી મારા કથનને પુષ્ટિ મળે છે. પરંતુ હું હવે, તમને પ્રકાશ આપું છું. તું પ્રકાશમાં રહે અને અન્યોને પ્રકાશ તરફ દોરી જા. આ માટે હું તને એક શક્તિસભર ઉપાય બતાવું છું, તે તને ઘણો લાભ આપશે. તારું હૃદયપરિવર્તન થશે અને નરકનાં દ્વાર બંધ રહેશે. આ માટે સદા ટકનારું મારું વચન ઉચ્ચારું છું:

**"જેઓ એકાદવાર પણ મને પિતાના મધુરનામે પોકારશે તેમનો નાશ નહીં થાય પરંતુ પસંદ કરેલાંની સાથે અચૂક તેઓ અનંતજીવન પ્રાપ્ત કરશે."**

તમારામાંથી જે કોઈ મારી સ્તુતિ અર્થે પોતાને સમર્પિત કરી મારો પરિચય કરી મને માન અને પ્રેમથી નવાજશે તે સૌને ભારે બદલો આપવાની હું ખાતરી આપું છું. હું બધું જ ગણતરીમાં લઈને, પછી ભલે ગમે તેટલી નાની બાબત કેમ ન હોય, એનો મૃત્યુ બાદ બદલો ચૂકવી આપનાર છું.

મેં તને કહ્યું છે એ પ્રમાણે એટલું જરૂરી છે કે, આ ધાર્મિકસંઘના સ્થાપકના માનાર્થે અને તેમનામાં આત્મા સ્વરૂપે વિરાજતા પ્રભુ પિતા, પુત્ર અને પાવન આત્માના મહિમાર્થે આ ભક્તિ પ્રસારવામાં આવે.

જ્યાં સુધી પવિત્ર ત્રૈક્યના ત્રણે જણનું ધર્મસભા અને સમગ્ર માનવજાત વડે બહુમાન ન થાય ત્યાં સુધી આ ધાર્મિક સંઘમાં કંઈક ખૂટતું લાગશે. મેં પણ આ ઉણપની વાત કેટલાક આત્માઓના કાને નાખી છે તો ખરી, પણ એમાંના મોટાભાગના ડરપોક નીકળ્યા એટલે મારા કહેવાનો અર્થ ન સર્યો. અન્ય બોલવાની હિંમતવાળાઓએ યોગ્ય વ્યક્તિઓને આ વિશે વાત તો કરી પણ નિષ્ફળતાના ખ્યાલે ગાડું આગળ ન ચાલ્યું.

મારી ઘડી આવી ગઈ છે. હું જાતે જ માણસોને, મારાં બાળકોને જણાવવા આવી પહોંચ્યો છું કે, અત્યાર સુધી તમે જે કંઈ સમજ્યા છો એ પૂરતું નથી. હું

પોતે જ માનવજાતને વળગેલા વિશાળ બરફના પહાડને ઓગાળીને નષ્ટ કરી શકાય માટે પ્રેમજ્વાળા સાથે આવું છું.

મારી પ્રિય માનવજાત, વહાલાં બાળકો, અત્યાર સુધી શેતાને તમને જકડી રાખ્યાં હતાં. તેમાંથી તમે મુક્ત થઈ જાઓ ! આવો, મારી વધુ પાસે આવો, તમને તમારા પિતાને પ્રાપ્ત કરવાનો પૂર્ણ અધિકાર છે. મારા પુત્રને પ્રાર્થો કે તે, પૂર્ણ પ્રેમાવતાર પિતા માટેનો ડર તમારામાંથી કાઢી, તમને મારી ભલમનસાઈ સમજવા સહાય કરે.

તમે અંધશ્રદ્ધા અને શેતાની ગૂંચવાડાની ઝંઝટમાં સપડાયા હતા. હવે આ ગુલામીની ઝંઝીરોને ફગાવી દો અને પરમસત્યનો સાક્ષાત્કાર કરો. તમને પેદા કરનાર પિતાને પિછાનો. અત્યાર સુધી જેમણે તમારી જિંદગી ફના કરી છે, એમને પૂજા થાળ ન અર્પતાં મારી પાસે આવો. હું તમારી રાહ જોઉં છું કારણ તમે મારાં સંતાન છો.

પૂર્ણ પ્રકાશમાં જીવનારાં તમે, સૌને કહો કે સત્યમય જીવન કેટલું આહ્લાદક છે. મારાં બાળકો, મારું સર્જન, સૌ ઈસુપંથીઓને જણાવોઃ સર્વકંઈ જોનાર, સર્વકંઈ જાણનાર, સર્વકંઈ પૂરું પાડનાર, અસીમ ભલા, સરળતાથી માફ કરનાર, ભાગ્યે જ અને ધીરેથી સજા કરનાર પ્રભુપિતાનો વિચાર માત્ર, કેટલો મધુર છે ! સૌને મારી પાસે આવવાનું આમંત્રણ ! હું સૌને સહાય કરીશ, તેમજ કપરી જિંદગીને મધુરતાથી ભરી દઈશ. હું મારા પ્રેમના અમૃતથી તેમને આજીવન અને અનંતકાળને માટે સુખી કરી દઈશ.

શ્રદ્ધા ગુમાવી, અંધકારમાં આથડતાં મારાં સંતાનો આંખો ખોલીને જુઓ, પ્રકાશનાં કિરણો તમને ઉજ્જવલ કરવા આવે છે. હું એવો સૂર્ય છું, જે પ્રકાશે છે, હૂંફ આપે છે અને ફરીફરીને હૂંફ આપે છે. ઓળખી લો આ તમારા પિતા, સર્જનહાર અને ઈશ્વરને. હું તમને એટલા જ માટે ચાહું છું કે તમે પણ મને ચાહો અને હું તમને સૌને હું ઉગારી લઉં.

વિશ્વભરમાં સૌ માણસોને હું આ જ કહું છું. મારા પિતૃપ્રેમનો પડઘો પાડીને વિનવું છું, જે અસીમ પ્રેમની તમને પ્રતીતિ કરાવવા માગું છું, એ સનાતન અને સાર્વકાળિક હકીકત છે.



ચાહો, ચાહો અને હરહંમેશ ચાહતાં રહો. પિતાને કેવી રીતે ચાહવા એ અન્યને પણ બતાવો ને ! હવેથી હું તમને બતાવીશ કે, પિતા તમને કેટલી ઉત્કટતાથી ચાહી રહ્યા છે !

ઓ પુરોહિતો, અને મઠવાસીઓ, મારા વહાલા પુત્રો, તમારો માણસો તરફનો, સવિશેષ મારા તરફનો પ્રેમ વ્યક્ત કરો. બધા માણસો માટેની અને તમારા માટે જે મારી અપેક્ષાઓ છે એની પરિપૂર્તિ માટે ઉદ્યમ કરો. મારી ઈચ્છા છે કે મારો પરિચય થાય, મને માન મળે અને મને ચાહવામાં આવે, મારા તરફના પ્રેમને લાંબા સમય સુધી નિષ્ક્રિય રહેવા ન દેતા, કેમ કે ચાહના પ્રાપ્ત કરવાની મારી ઉત્કટ ઈચ્છા છે.

આ સૈકાને અન્ય સમય કરતાં ઘણા વિશેષાધિકાર મળેલા છે. એનાથી કશો લાભ નહીં મળે એવી આશંકાથી વિશેષાધિકારને એળે ન જવા દેતા ! આત્માને દિવ્યતાનો પાસ જોઈએ. સમય વહી જાય છે, કશાથી ડરશો નહીં, હું તમારો પિતા છું, હું તમારા પ્રયત્નો અને કાર્યમાં સહાયભૂત બનીશ. હું તમારા આત્માઓને શાંતિ અને આનંદ આપી ટકાવી રાખીશ. તમને આ દુનિયામાં જ ખુશીથી નવાજીશ તથા તમારા ઉત્સાહપૂર્ણ કાર્યને બરકત અને સફળતા બક્ષીસ. જે આત્માઓને અહીંથી જ શાંતિ અને આનંદનો અનુભવ થાય છે એ તો માત્ર સ્વર્ગના આવનારા સુખનો પૂર્વસ્વાદ જ છે.

મેં આ દુનિયા પરના મારા પ્રતિનિધિ અને વડા પાવનપિતા પોપ સાથે સંવાદ કર્યો, એક ખાસ આગાહી મળી છે કે પ્રૈષિતિકરણ અને મારા પુત્ર ઈસુના હૃદયની ભક્તિ વિશ્વભરમાં ફેલાઈ જશે. મારાં બાળકો અને મારા સર્જનને હું કહું છું કે, મારો પરિચય કેળવો, મારો મહિમા વધારો. આ કાર્યની પરિપૂર્તિ કરવા ઈસુ, મારો પુત્ર આ પૃથ્વી પર અવતર્યો, હવે આ કાર્ય હું પોપને સોંપું છું.

જો માણસો ઈસુના હૃદયની અંદર ડોકિયું કરે તો તેઓ જુએ કે, પોતાને મોકલનાર પિતાનો સદા મહિમા વધે એ જ જોવાની એમની તીવ્રતમ ઈચ્છા છે. એક પિતા અને ઉત્પન્નકર્તા તરીકે સવિશેષ, મુક્તિદાતા રૂપે પિતાનો પૂર્ણ મહિમા થાય એવું ઈસુનું હૃદય ઈચ્છે છે !

માણસના હાથની આ બાબત, પિતા પર વિશ્વાસ રાખવો, એમના પર પ્રેમ રાખવો અને સદા એમનો આભાર માનવો. પિતા તરીકે હું મારા સર્જન

પાસે સ્તુતિની અપેક્ષા રાખું છું અને મારો મહિમા વધે એવી ઝંખના સેવું છું. આટલું જ નહીં માણસને મારા મહિમાનો ભાગીદાર કરવા હું અહીં નીચે ઊતરી આવું છું. મારી ભલમનસાઈ અને પ્રેમ મને બતાવે છે કે, જેમને મેં શૂન્યમાંથી સર્જ્યાં છે અને મારાં બાળકો તરીકે અપનાવ્યાં છે, તેમાંનાં ઘણાં શેતાનની સંગમાં દુઃખની ગર્તામાં ધકેલાઈ જાય છે. તેઓ પોતાના સર્જનનો હેતુ હણી નાખે છે. એટલે તેઓનો અહીંનો અને અનંતકાળ બંને બરબાદ થાય છે.

મારી ઊંડી ઈચ્છા ખરી કે ન્યાયી વધુ દઢભક્તિ બને, પાપીનું સહજ રીતે હૃદયપરિવર્તન, કાયમી પરિવર્તન થાય, ઉડાઉ દીકરો પિતાના પંથે વળે. હું વિશેષ કરીને યહૂદીઓને અને મારાં અન્ય બાળકો જેવાં કે પાંખડીઓ, ધર્મભ્રષ્ટો, ધર્મવિરોધીઓ, નાસ્તિકો આદિને યાદ કરું છું. સમગ્ર વિશ્વ મને ઈશ્વર અને સર્જક તરીકે જાણે એવું હું ઈચ્છું છું. ઈશ્વર તરીકે હું સૌની અબૂધતાને અવગણીશ. જો કે, તેઓને હું તેમનો ઈશ્વર છું એની ખબર નથી.

તમે જ્યારે નીચેના શબ્દો વાંચો ત્યારે મને સાંભળતા હો, એવો ભરોસો રાખજોઃ જેમણે પરમ પિતા વિશે સાંભળ્યું હોય કે તે એમનો સર્જનહાર અને ઈશ્વર છે તથા તેમને અનંતજીવન આપવા માગે છે, એ બધાં, પછી ભલે કેથોલિક ધર્મસભાથી અળગા હોય તો ય સ્વર્ગના પિતાને આવી મળવાના.

આવી વ્યક્તિઓને મળીને તમે જો સીધેસીધા વાત ન કરી શકતા હો તો, બીજા રસ્તાઓ શોધો. પરસ્પરના સંવાદ માટે સેંકડો રસ્તાઓ છે. તમે સાચા પ્રેષિતના જુસ્સાથી ઉત્સાહપૂર્વક આગળ વધો. હું તમને વચન આપું છું કે હું કૃપા આપીશ અને તમારા પ્રયત્નો નિષ્ફળ નહીં જાય, તમારા હાથ મજબૂત બનશે. હું હરહંમેશ તમારી પાસે, તમારામાં જ હોઈશ. બે વ્યક્તિ હોય કે વધારે હું તમારી મધ્ય હોવાનો. હું તમને જે વિશે પ્રેરણા આપું એ તમારે બોલવાનું, તમારા સાંભળનારાઓમાં પણ હું અનુકૂળ માનસિકતા તૈયાર કરીશ. આવી રીતે પ્રેમ દ્વારા માણસો જીતાઈ જશે. એટલે સૌને હું સર્વકાળ માટે બચાવી લઈશ. આવો ત્યારે મારામાં પૂર્ણ વિશ્વાસ મૂકો. મોટાં તપ કરવાં એ મારી તમારી પાસેથી અપેક્ષા નથીઃ જેમ કે, ખુલ્લા પગે ચાલવું, મોં કે શરીર પર ભભૂતિ લગાવવી આદિ, ના રે ના, એવું નહીં. મારા અંતરની ઈચ્છા તો છે, તમે મારાં બાળકો બની રહો અને મારા પર ભરોસો રાખો.



એક ઊર્મિશીલ અને પ્રેમાળ પિતાની જેમ હું સર્વને માટે સર્વકંઈ બની રહીશ. હું તમારી સાથે ગાઢ સંપર્કમાં રહી, મારી જાતને નાની બનાવી તમને અનંતકાળ સુધી મોટા બનાવવા જાત અર્પી દઈશ.

ધર્મનિષ્ઠાની ઉણપવાળા અને શ્રદ્ધા વિનાના લોકોનો મોટોભાગ એવું માને છે કે, હું તેમની પાસેથી અશક્ય બાબતોની માગણી કરું છું અને તેથી તેઓ એમની ગર્તામાં પડ્યો રહે છે. તેઓ મને જુલમી અને અભિમાનથી છકી જઈ પ્રજાથી અળગા પડી ગયેલા રાજા જેવો ગણી લે છે. જેમ એવા રાજાને પ્રજાને કુર્નિશ બજાવવી પડતી હોય છે અને ખુશ રાખવો પડતો હોય છે, તેમ મારે વિશે પણ એવું બધું માની લે છે. તમે કલ્પના પણ ન કરી શકો એટલા નાના, અરે, અત્યંત નાના કેમનું બનવું એ મને આવડે છે.

તમે પ્રાણીઓની જેમ શિસ્ત વિનાનાં અને હલકાં વલણોને વશ વર્તનારાં ન બની રહો. તમે દિવ્ય સૌંદર્યથી મઢ્યાં, આત્માના એ સૌંદર્યને જાળવી શકો માટે ધર્મસભાએ આપેલી આજ્ઞાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરો.

એ પછી મારી ઈચ્છા અનુસાર મારી સૂચના પ્રમાણે આમ કરોઃ વિશેષ ભક્તિભાવથી મને માન આપો. આ દ્વારા તમે મારી ઈચ્છા જાણી શકશો. આથી હું તમને ઘણા લાભો આપી મારાં શક્તિ તથા મહિમામાં ભાગીદાર બનાવી શકું, એને લીધે તમને સુખ મળશે અને મુક્તિને લાયક બનશો. મારે તમને ચાહવાં તેમજ તમારા પ્રીતિ પાત્ર બનવું એ આ બધાનો સાર છે.

જો તમે મને વિશ્વાસુ બાળકોની જેમ ચાહશો તો તમે મારી ધર્મસભા તથા એના પ્રતિનિધિઓ માટે પણ પ્રેમાળ અને આજ્ઞાકારી બની રહેવાનાં. તમે મારાથી ડરીને દૂર રહો છો એવું ઉપરછલ્લું માન મારે નથી જોઈતું. અત્યારે બતાવો છો એવું બનાવટી માન ન્યાયની રીતે પણ સુસંગત નથી, એનાથી મારા પિતૃપ્રેમને ધક્કો પહોંચે છે, તમે ભૂલી જાઓ છો કે આથી મારા સંવેદનશીલ હૃદયને કારી ઘા થાય છે.

મારી પ્રજા, ઈસ્ત્રાયેલી પ્રજા અને અત્યારની માનવજાતિ તરફથી મને આજ સુધીમાં સૌથી વધુ પીડા મળી છે. માણસના શત્રુએ માનવજાતને મૂર્તિપૂજા અને ફાટફૂટને રવાડે ચડાવી દીધી. તે હજુ પણ માનવને સત્યથી અને ધર્મસભાથી અળગી રાખવા માટે એનો ઉપયોગ કરી રહ્યો છે અરેરે ! તમને

દુશ્મન અવળે પાટે દોરે એ દિવસ આવવા ન દેતા. તમારી સમક્ષ સત્યનું જે ઉદ્ઘાટન થઈ રહ્યું છે એના પ્રકાશમાં પગલાં માંડો.

કેથોલિક ધર્મશ્રદ્ધામાં ન હોય એવાં મારાં બાળકો, તમે જાણી લો કે, તમે મારા પિતૃપ્રેમના પરિઘની બહાર તો નથી જ. તમે મારાં સંતાન છો. એટલે નમ્રતાભરી વિનંતી કરું છું. તમે અત્યાર સુધી ફસાયેલાં રહ્યાં હો તો સમજી લેજો કે, તેણે તમને છેતર્યાં છે. મારી પાસે, તમારા પિતા પાસે આવો, હું તમને આનંદ અને પ્રેમથી જરૂર આવકારીશ.

તમે સૌ, જે કોઈ ધર્મમાં તમારો ઉછેર થયો હોય, તમને માત્ર એની જ જાણ હોય અને જો સત્યધર્મની જાણ ન હોય તો આંખો ખોલો. આ રહ્યા તમારા પિતા, તેણે તમને પેદા કર્યા છે અને તે તમને મુક્તિ આપવા માગે છે. હું સત્ય અને મુક્તિનું અવતરણ કરવા આવ્યો છું. તમને ખબર નથી કે, હું કોણ છું.તમને એ પણ ખબર નથી તમે મને પિતા અને મુક્તિદાતા તરીકે ઓળખો એ જ મારી ઈચ્છા છે. અજ્ઞાનને કારણ તમે મને ચાહી શકતાં નથી. સમજી લો કે, તમે ધારો છો એટલો દૂર હું નથી.

તમને મારા પ્રેમને કારણે સર્જ્યાં અને તમારો અંગીકાર કર્યો. હવે હું તમને એકલાં કેવી રીતે મૂકી દઉં ? તમે મારી અસીમ ઉદારતાને વિસારે પાડી દીધી હોવા છતાં હું એની સાબિતી આપતો રહ્યો. બધી જ જગાએ હું તમને અનુસરતો રહું છું.હંમેશાં હું તમારું રક્ષણ કરું છું. મને વિસરી જનારા તો કહેશેઃ કુદરત બધું જ પૂરું પાડે છે, એ જ જીવાડે છે અને એ જ મારે છે. આ સમય કૃપા અને પ્રકાશનો છે. ઓળખી લો કે, હું એકલો જ સત્યપરમેશ્વર છું !

લૌકિક અને પારલૌકિક જીવનમાં સાચું સુખ પ્રાપ્ત કરવા માટે હું તમને કોઈ સૂચન કરવા માગું છું. સમય ઘણો અનુકૂળ છે. તમારા હૃદયને સ્પર્શનારા પ્રેમભર્યા આમંત્રણોનો અસ્વીકાર ન કરતાં. હું તમને સૌને વિધિપૂર્વકના ખ્રિસ્તયજ્ઞમાં ભાગ લેવાનું કહું છું, એ મને ઘણું ગમે છે. પાછળથી હું તમને કેટલીક ટૂંકી પ્રાર્થના બતાવીશ. જો કે મારે તમારો બોજો વધારવો નથી. સૌથી મહત્ત્વની બાબત તો મેં કહ્યું એ પ્રમાણે, તમારે મારા માનમાં એક તહેવાર સ્થાપિત કરવો અને તમારા ઈશ્વર, પિતા તથા સર્જનહાર એવા આ માનવજાતિના મુક્તિદાતાની સેવા નિષ્ઠાવાન બાળકોને છાજે એમ કરવી.



માણસો માટેના પિતૃપ્રેમનું અન્ય પ્રમાણ અહીં હાજર છે. મારા અસીમ પ્રેમની મહાનતા બાબતે હું બોલીશ નહીં, એ માટે તમારે ધર્મપુસ્તકો ખોલવાં, ક્રૂસ, ખ્રિસ્તપ્રસાદની સંસ્કાર પેટી, ખ્રિસ્તપ્રસાદ તરફ નજર ઠેરવવાથી તમને સમજાશે કે, મેં કેટલી હદ સુધી તમારા પર પ્રેમ કર્યો છે !

આમ છતાં તમારે મારી ઈચ્છા પરિપૂર્ણ કરવાની છે અને અન્યોમાં મારો પરિચય કરાવી, તેઓ મને ચાહે માટે આ શબ્દો પૂરા થાય એ પહેલાં જ મારા પ્રેમપૂર્ણ કાર્યનાં અસંખ્ય પ્રમાણ આપીને એક મજબૂત પાયો તૈયાર કરવાનો છે !

માણસ સત્યપંથે ન ચાલે ત્યાં સુધી સાચી સ્વતંત્રતાનો આસ્વાદ ન લઈ શકે. મારાં બાળકો, તમે મારી આજ્ઞાની ઉપરવટ જઈને સર્જનહેતુને નિષ્ફળ બનાવતાં હતાં.

તમે માનો છો કે તમે સુખશાંતિમાં છો. તમે તમારા અંતરના ઊંડાણમાં, સર્જનારની શાંતિ અને સાચો આનંદ અનુભવતાં નથી !

તમારી મુક્તિની ખાતરી આપતા, સાચા નિયમો પાળવાનું વચન તો તમે આપ્યું, પરંતુ દુર્ગુણોથી દોરાઈ જઈને તમે બુરાઈમાં સરી પડ્યા. બૂરી રીતે વર્તીને તમે નીતિનિયમો કોરાણે મૂક્યા. શું તમે સુખી હતા એવું ધારો છો ? ના રે, તમારા હૃદયને નિરાંત નથી એવું તમને થયા કરે છે. સુખભોગની પાછળ પડવાથી તમારાં હૃદયોને શાતા વળે ખરી ? જ્યાં સુધી તમે મને તમારા પિતા તરીકે ઓળખી, મારાં સાચાં સંતાન તરીકે મારી ધૂંસરી નહીં સ્વીકારો ત્યાં સુધી તમને સાચી સ્વતંત્રતાનો અનુભવ નહીં થાય.

શા માટે ? જેમ એક ભલુંભોળું બાળક પિતાની સેવા કરે, એમ જ મેં તમને, મને ઓળખી, મારા પર પ્રેમ રાખી મારી સેવા કરવાના એક જ હેતુસર પેદા કર્યાં છે.

જૂના કરારના સમયે, માણસ પ્રાણીની જેમ વર્તતો, પોતાના પિતા ઈશ્વરની આમન્યા જાળવતો ન હતો. આવા લોકોને ઈશ્વરનાં બાળકો તરીકે ગૌરવ પ્રદાન કરવા, કેટલીકવાર મારે આકરા બનવું પડ્યું. તેઓ જ્યારે તર્કબદ્ધ બની વર્તવા લાગ્યા ત્યારે તેમનું પ્રાણીપણું છૂટ્યું. જેઓ પોતાનું ગૌરવ જાળવી શકતા ન હતા તેમની ઉપર મેં સુઘડ લોકોને વિજય અપાવ્યો.

જ્યારે અણઘડ લોકોની સંખ્યા વધી ત્યારે તેઓની વચ્ચે મેં મારા પુત્રને મોકલ્યો. તેઓ સંપૂર્ણ ઈશ્વરના જ પુત્ર હોવાને નાતે દિવ્યપૂર્ણતાના અવતાર બન્યા. તેમણે પંથભૂલેલાંને માર્ગ ચીંધ્યો. તેમના દ્વારા મેં તમારો મારાં પોતાનાં બાળકો તરીકે અંગીકાર કર્યો. ત્યારબાદ ક્યારેય તમને માત્ર મારાં સર્જન તરીકે નહીં પણ બાળકો તરીકે સંબોધ્યાં.

મેં તમને સાચા ચૈતન્યથી સભર ભરી દીધાં, આથી જૂના કરારના નિયમ અનુસાર માનવથી પર લઈ જઈ પ્રાણીઓથી અલગ તારવી લીધાં. મેં તમને ઈશ્વરનાં બાળકોનું ગૌરવ પ્રદાન કર્યું. હા, તમે મારાં બાળકો છો અને તમારે મને પિતા કહીને બોલાવવો જોઈએ. તમારે મારી પર બાળકોની પેઠે વિશ્વાસ રાખવો જોઈએ. વિશ્વાસ વિના તમે પૂર્ણતયા મુક્ત નહીં થઈ શકો.

તમને તાકાત આપી તમારા આત્માઓને ભયંકર ગુલામીમાંથી છોડાવી તમને સાચી સ્વતંત્રતાનો અનુભવ કરાવવા માટે તમને જે કહું છું એની પાછળ મારો પ્રેમ જ છે. મારી આપેલી મુક્તિની સરખામણીમાં દુનિયાની મોજમઝા કંઈ વિસાતમાં નથી. તમે ઈશ્વરનાં બાળકો તરીકે ગૌરવ પ્રાપ્ત કરો. તમારી ઉચ્ચતાનું સન્માન કરો. આથી હું પહેલાં કરતાં પણ વિશેષ રીતે, પિતાઓમાં સૌથી દયાળુ પિતા બની રહીશ.

તમારા પ્રત્યે પ્રેમ દાખવી હું શાંતિ ફેલાવવા આવ્યો છું. જો કોઈ મને પિતા કહી પુકારે, મને માન આપે તથા મારામાં ભરોસો રાખે તો એનાં ચિંતા, દુઃખ અને આપત્તિમાંથી હું છુટકારો અપાવીશ. જો કુટુંબો મને માન આપશે અને પિતા તરીકે ચાહશે તો મારી દીર્ઘદૃષ્ટિ અનુસાર હું એમને શાંતિપ્રદાન કરીશ. જો કામદારો, વેપારીઓ અને કલાકારો મને માન આપશે તો એક ભલા અને દયાવાન પિતા તરીકે હું તેમને શાંતિ અને શક્તિ આપીશ. જો ખ્રિસ્તી સમુદાય મારી મદદ યાચશે અને મને માન આપશે તો તેમને હું મારી શાંતિ આપીશ. હું સૌથી પ્રેમાળ પિતા તરીકે પેશ આવીશ અને આત્માઓને સાર્વકાળિક મુક્તિ બક્ષિશ.

જો સમગ્ર માનવજાતિ મને પ્રાર્થે અને મારું સન્માન કરે તો ઉપકારક ઝાકળબિંદુની જેમ હું એમનામાં મારો શાંતિનો આત્મા ઉતારીશ.

જો રાષ્ટ્રો મારી ઉપાસના કરીને મને સન્માનશે તો કુસંપ અને યુદ્ધો આથમી જશે. કારણ કે, હું શાંતિનો દેવ છું અને જ્યાં હું હોઉં ત્યાં કલહ ન હોઈ શકે.



તમારે તમારા દુશ્મનો પર જય મેળવવો છે ? મને બોલાવો અને હું એમની પર જીત મેળવીશ અંતે, મારી શક્તિને લીધે હું સર્વ કંઈ કરી શકું છું. હું તમને આ શક્તિ અત્યારે અને અનંત કાળ માટે વાપરવા આપું છું. તમે મારાં બાળકો તરીકે વર્તો તો હું હંમેશ તમારા પિતા તરીકે પેશ આવીશ.

મને સમજી શકે એ સિવાય હૃદયોને પ્રેમના કાર્યોમાં બીજું શું કરવાનું હોય ?

હું જ પૂર્ણ પવિત્રતા છું, પવિત્રતાનો સ્રોત હું છું. પાવન આત્મા દ્વારા મારા પુત્રના પુણ્યના પ્રતાપે આ પવિત્રતાથી હું આત્માઓને સજાવું છું. મારા પુત્ર અને પાવન આત્મા દ્વારા હું તમારી પાસે આવું છું, તમારામાં આવું છું તથા તમારામાં હું વિશ્રાંતિ શોધું છું.

કેટલાક આત્માઓને – હું તમારામાં આવું છું, – શબ્દો માર્મિક લાગે, પણ એમાં રહસ્ય શાનું ? કારણ, મારા પુત્રને ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર સ્થાપવા મેં કહ્યું હતું. જ્યારે જ્યારે તમે ખ્રિસ્તપ્રસાદ સ્વીકારો ત્યારે ત્યારે હું તમારી પાસે આવું છું.

આમેય, આ સંસ્કાર પહેલાં પણ તમારી પાસે આવતાં મને કોઈ રોકી શકનાર ન હતું. મારા માટે કશું અશક્ય નથી. આ સંસ્કાર લેવો એ સરળ છે અને હું કેવી રીતે તમારી પાસે આવું છું એનું એ ઉદાહરણ છે !

જ્યારે હું તમારામાં વસતો હોઉં ત્યારે તમે મારી પાસેથી જે કંઈ માગો એ આપવું સહેલું છે. તમે આ સંસ્કારોને લીધે નિકટ રીતે મારી સાથે જોડાયેલાં રહો છો. આ નિકટતાને કારણે મારાં પ્રેમ અને પવિત્રતાનું ઝરણ તમારા તરફ વહે છે.

જ્યારે હું તમને મારા પ્રેમની લહાણ કરાવું છું ત્યારે તમારે જે ગુણોની જરૂર હોય એની માગણી કરવાની રહે, ખાતરી રાખજો કે, જ્યારે ઈશ્વર તમારામાં વિસામો કરતા હોય ત્યારે તે તમને કશાની ના નહીં પાડે.

મારા વિશ્રામની પ્રિય જગ્યા તમે જાણો જ છો, તમે મને એ આપો ? હું તમારો પિતા અને તમારો ઈશ્વર છું, તમે મને નકારી તમારી બેફિકરાઈને કારણે મને તરછોડશો ?

મારો સંદેશો પૂરો કરું એ પહેલાં, મારી સેવામાં અર્પિત સંખ્યાબંધ આત્માઓ માટે શુભેચ્છા વ્યક્ત કરવા માગું છું. સૌ પુરોહિતો અને સન્યાસી આત્માઓ, તમે મારી સેવા ચિંતનમનન, ધ્રૈષિતિકસેવા કે દીનદરિદ્રોની સેવામાં સમર્પિત છો. હું ભલાઈ દ્વારા તમારી આગળ રજૂ થાઉં છું, અને તમે ધાર્મિક કાર્યો માટે પસંદ થયાં છો, તમે એકનિષ્ઠા અને ઈચ્છાશક્તિ દ્વારા તમારું કાર્ય કરો છો.

મારી શી ઈચ્છા છે, માનવજાત માટે મારી શી અપેક્ષા છે એ સમજવું તમારે માટે વધુ સરળ છે, એટલે તમે મને પ્રાર્થના કરો જેથી બધા આત્માઓ માટે પ્રેમ પ્રસારવાનું કાર્ય હું પૂર્ણ કરી શકું. આત્માને જીતવા માટે શી મુસીબતો આવે છે તે તો તમે બરાબર રીતે જાણો છો ! તેમને મોટી સંખ્યામાં લઈ આવવાની મદદ મળશે. આ સૌને મારો પરિચય કરાવો, મારે માટે ચાહના પેદા કરો અને મને માન આપે એવું કરો.

તમારાથી આ કાર્યની શરૂઆત થાય એ હું ઈચ્છું છું. યાજ્ઞિકો અને સન્યાસીઓના ગૃહે પ્રવેશતાં મને આનંદ થાય છે. મારાં વહાલાં બાળકો મધ્યે પિતા તરીકે વસતાં હું કેટલો બધો આનંદવિભાર થાઉં છું ! હું તમારી સાથે ગાઢ મિત્રની જેમ વાતો કરીશ. તમારા અંગત મિત્ર તરીકે હું ભારે સાવધાની વર્તીશ હું તમારું સર્વસ્વ બનીશ. હું તમારી બધી જરૂરિયાતો સંતોષીશ ! હું તમારી વિનંતીઓ આવકારનાર, પ્રેમની લહાણી કરનાર અને તમારું કલ્યાણ સાધનાર પિતા બની રહીશ.

મારે તમારી સાથે આનંદ કરવો છે, મને નકારતા નહીં. તમારાં કાર્યો માટે હું તમને સોગણો બદલો વાળી આપીશ. તમે મને માન આપશો એટલે તમને મારા દૈવી રાજ્યમાં મહિમા આપીને હું વધાવી લઈશ.

હું જ્યોતિઓમાં મહાજ્યોતિ છું. મારા તેજને પ્રતાપે અન્ન, આયુષ્ય અને આનંદની લહાણ થશે. આ તેજ, યાત્રાળુ, અજ્ઞાની અને શ્રદ્ધા વિહીનોને અજવાળશે. દુન્યવી અંધકાર અને દુર્ગુણોમાં ફસાયેલા માણસો, આ પ્રકાશથી તમે તેજોમય બની જવાના. જો આ તેજથી તમે વંચિત રહેશો તો અનંત મૃત્યુની છાયામાં ઢંકાઈ જવાના !

અંતે, સાચી ધર્મસભાનાં જે સંતાનો હજી અંધશ્રદ્ધાની ખાઈમાં પડ્યાં છે, તેમને આ પ્રકાશ, રસ્તો ચીંધશે. આ દુનિયામાં સૌથી વધુ દુઃખ વેઠનારા રક્તપિત્તિયાઓનો હું પિતા બનીશ.



દરેક સમાજના તરછોડાયેલ, તેમજ નાત બહાર મુકાયેલાઓનો હું પિતા બનીશ. પીડિતો અને માંદાઓનો હું પિતા બનીશ. સૌ અનાથો, વિધવાઓ, કેદીઓ, કામદારો અને યુવાવર્ગનો હું પિતા બનીશ રાજાઓ અને રાષ્ટ્રના વડાઓનો હું પિતા બનીશ. તમને સૌને મારી ભલમનસાઈ અને રક્ષણનો અનુભવ મળશે, તમને મારી શક્તિનો પરચો મળશે !

દરેકને પિતાના દૈવી આશિષ, આમીન !

સવિશેષે મારા પુત્ર અને પ્રતિનિધિને આશિષ, આમીન !

સવિશેષે મારા પુત્ર, ધર્માધ્યક્ષને આશિષ, આમીન !

સવિશેષે મારા પુત્ર, તારા આધ્યાત્મિક ગુરુને આશિષ, આમીન !

સવિશેષે મારી પુત્રીઓ, તારાં ઉપરી સાધ્વીઓને આશિષ, આમીન !

પ્રેમમાં વસતાં સૌ ધાર્મિક મંડળોને મારી આશિષ, આમીન !

શુદ્ધ કરનારા અગ્નિમાં રહેલ ધર્મસભાને મારી ખાસ આશિષ, આમીન ! આમીન ! આમીન !

## "એમના દ્વારા, એમની સાથે અને એમનામાં"
## ઈશ્વર મારા પિતા છે.

હે મારા સ્વર્ગના પિતા, તમે મારા પિતા છો અને હું તમારું બાળક છું એ જાણવું કેટલું મધુરું છે !

વિશેષ કરીને મારા આત્માના આકાશ પર વાદળો ઘેરાય અને મારો ક્રૂસ વધુ વજનદાર લાગે ત્યારે હું વારંવાર બોલું: હે પિતા, મારા માટેના તમારા પ્રેમમાં હું આસ્થા રાખું છું !

હા, હું મારા જીવનની હરએક ઘડી માટે, તમે મારા પિતા અને હું તમારું બાળક છું, એ પર હું આસ્થા રાખું છું !

તમે અસીમ પ્રેમથી મને ચાહો છો એ પર હું આસ્થા રાખું છું !

તમે દિનરાત મારું રક્ષણ કરો છો અને તમારી મંજૂરી વિના મારા માથાનો એક વાળ સુદ્ધાં ખરતો નથી એ પર હું આસ્થા રાખું છું !

મારા માટે વધું સારું શું છે એ તમે વધારે સારી રીતે જાણો છો તેથી તમારા અસીમ ડહાપણ પર હું આસ્થા રાખું છું !

તમે બુરાઈમાંથી પણ ભલાઈ ઉપજાવી શકો એવા અમાપ શક્તિવાળા છો એ પર હું આસ્થા રાખું છું !

તમને ચાહનારાઓ માટે સર્વ કંઈ એમના કલ્યાણમાં પરિણમે એવું તમે ગોઠવો છો. મને મારવા માટે જેઓ હાથ ઉગામે છે એની પાછળ રહેલા ઘા રુઝવનારા તમારા હાથ હોય છે એ પર હું આસ્થા રાખું છું !

શ્રદ્ધા આશા અને પ્રીતિની મારામાં વૃદ્ધિ કરો. આ ગુણો પર હું આસ્થા રાખું છું !

મારા જીવનના હરએક પ્રસંગમાં તમારો પ્રેમ ધ્રુવતારક બની રહો.

માના હાથમાં રહેલ બાળકની જેમ મારી જાત હું તમને સોંપું એવું મને શીખવો.



હે પિતાજી, બધું જ તમે જાણો છો, સર્વકાંઈ તમારી આગળ ખુલ્લું છે. હું મારી જાતને જાણું એના કરતાંય તમે મને વધુ સારી રીતે ઓળખો છો, બધું જ, તમારા ડાબા હાથનો ખેલ છે, તમે મને ચાહો !

હે મારા પિતાજી, અમે હરહંમેશ તમારી પાસે આવીએ એવી તમારી ઈચ્છા છે. હું વિશ્વાસપૂર્વક, ઈસુ અને મારિયાના સંગે તમારી પાસે માગું છું કે, (અત્રે તમારી વિનંતી રજૂ કરો).....

ઈસુના અતિ પવિત્ર હૃદયની સાથે મારી જાતને એક કરી, મારા આ હેતુને માટે હું મારી પ્રાર્થનાઓ, બલિદાનો, તપકૃત્યો, મારાં સૌ કાર્યો અને મારી ફરજપાલનની નિષ્ઠા તમને અર્પણ કરું છું.

તમે મને પાવન આત્માનો પ્રકાશ, કૃપા અને શક્તિ પ્રદાન કરો !

આ પાવન આત્માની શક્તિ મને પ્રદાન કરો જેથી હું ક્યારેય એમનાથી દૂર ન જાઉં, ક્યારેય એમને નિરાશ ન કરું અને મારામાં એમને ક્યારેય નબળા ન પડવા દઉં.

હે પિતાજી, તમારા પુત્ર ઈસુના નામે હું આ માગું છું ! હે ઈસુ, તમારું હૃદય ખોલી મારા હૃદયનો એમાં સમાવેશ કરો, પવિત્ર મારિયાની સાથે એને આપણા દૈવી પિતાને સોંપી દો ! મારે જે કૃપાદાનોની જરૂર હોય એ મને તમે મેળવી આપો !

હે દિવ્ય પિતા, તમે સૌને તમારી પાસે દોરી જાઓ. આખું વિશ્વ તમારી ભલાઈ અને દયાનાં ગુણગાન કરે !

તમે મારા માયાળુપિતા બની રહો અને હું જ્યાં જ્યાં જાઉં, ત્યાં ત્યાં તમે મારું, આંખની કીકીની જેમ જતન કરો. મને તમારું લાયક સંતાન બનાવો, મારા પર દયાદૃષ્ટિ કરો.

હે દિવ્ય પિતા, અમારા આત્મા માટે મધુર આશા, સૌ લોકો તમને ઓળખે માન આપે અને ચાહે !

હે દિવ્ય પિતા, અમારા આત્મા માટે મધુર આશા, તમારી અપાર દયા સૌ પર વરસાવો, સૌ લોકો તમને ઓળખે, માન આપે અને ચાહે !

હે દિવ્ય પિતા, માનવજાતિ માટેની કલ્યાણકારી વર્ષા ! લોકો તમને ઓળખે, માન આપે અને ચાહે, આમીન !

**(મધર ચુજીનિયા)**

આ પ્રાર્થના નવસંધ્યા ભક્તિ તરીકે બોલવાની હોય તો ઉમેરો :

(ખાસ સંજોગોમાં જે જે વ્યક્તિઓની સાથે, આ નવદિનની ભક્તિ દરમ્યાન વધુ ઉદારતાપૂર્વક વર્તવાનું છે તે વ્યક્તિઓ.....)

પરમપિતાના પ્રેમ અને કરુણાના સંદેશને લગતી જે કંઈ કૃપાઓ પ્રાપ્ત થઈ હોય કે, આ બાબતે કોઈ કાર્યની પહેલ કરી હોય તો એની માહિતી ગુજરાતી અથવા અંગ્રેજીમાં નીચેના સરનામે મોકલી શકો :

**જયંત ડાભી**
બી - ૩, સનશાઈન એપાર્ટમેન્ટ,
અમદાવાદ - ૧૫, (૩૮૦૦૧૫)
(ફોન - ૬૩૦૭૪૧૪)

**Address : Little Souls Apostolate**
**Carmelite Seminary, Mapusa,**
**Goa 403 507**
**India.**

**Associazione**
**"Dio è Padre - Casa Pater"**
**c.p. 135 L'Aquila 67100**
**ITALIA**